ગુજરાતી ભાષાનું વ્યાકરણ.

કિં. પોણા બે આના.

મુંબઈ ઇલાકાનું સરકારી કેળવણીખાતું.

ગુજરાતી ભાષાનું વ્યાકરણ.

રચનાર,

ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ.

બી. એ. બી. એસસી.

શિક્ષક–પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ.

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ચીમનલાલ ચુનીલાલની કમ્પની.

ચીમનલાલ માણેકલાલ અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત. ૨૦,૦૦૦.

ઇ. સ. ૧૯૧૧.

કિં. પોણા બે આના.

શ્રી "સત્યનારાયણ" પ્રિન્ટિંગ પ્રેસમાં
પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યું.
ઘીકાંટા—અમદાવાદ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૭	૧	'અવિપૂર્ણધેયવાચક'	'અપૂર્ણવિધેયવાચક'
૩૮	૧૪	ઉદ્દેશ્ય.	ઉદ્દેસ્ય.
૫૨	૫	હું આવીશ,'	'હું આવીશ,
૬૩	૧૪	વિ. વિ.	વિ. વ.

પ્રસ્તાવના.

મે. હોપ સાહેબે બનાવેલા 'ગુજરાતી ભાષાના વ્યાકરણ' ને બદલે વ્યાકરણ શિખવવાની નવીન પદ્ધતિ અનુસાર ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં ઉપયોગી થઈ પડે એવું એક નવું વ્યાકરણ રચાવવાની મુંબઈ ઈલાકાના સરકારી કેળવણીખાતાને જરૂર જણાયાથી, નવીન પદ્ધતિસર એક નાનું વ્યાકરણ લખવાની એક સંપૂર્ણ યોજના તૈયાર કરી રજુ કરવાનું મે. પબ્લિક ઈન્સ્ટ્રક્શનના ડિરેક્ટર સાહેબે પ્રે. રા. ટ્રે. કૉલેજના પ્રિન્સિપલ મે. કમળાશંકરભાઈને ફરમાવ્યું. આ ઉપરથી તેમણે વિષયવાર એક સંપૂર્ણ યોજના ઘડી કાઢી, મે. પબ્લિક ઈન્સ્ટ્રક્શનના ડિરેક્ટર સાહેબને રજુ કરી. આ યોજના તેઓ સાહેબને પસંદ પડી. અને તેને અનુસરી એક નાનું ગુજરાતી ભાષાનું વ્યાકરણ લખવાનું કામ મે. કમળાશંકરભાઈની ભલામણ ઉપરથી મને સોંપવામાં આવ્યું.

મે. કમળાશંકરભાઈની સંપૂર્ણ મદદ અને સૂચનાથી જ આ વ્યાકરણ રચવા હું શક્તિમાન્ થયો છું.

આ નવીન વ્યાકરણ લખવામાં '**ગુજરાત શાળાપત્ર**' માં આવેલા વિદ્વત્તા ભરેલા અને મનન કરવા યોગ્ય વ્યાકરણને લગતા લેખોનો મેં સંપૂર્ણ છૂટથી ઉપયોગ કર્યો છે. આ બધા લેખોનો ઉપયોગ કરવા દેવા સારૂ પણ પ્રે. રા. ટ્રે. કૉલેજના પ્રિન્સિપલ, અને 'ગુજરાત શાળાપત્ર'ના તન્ત્રી મે. કમળાશંકરભાઈનો જાહેર રીતે ઉપકાર માનવાની આ અમૂલ્ય તક મારે ગુમાવવી જોઈએ નહિ.

અમદાવાદ.
પ્રે. રા. ટ્રે. કૉલેજ ક્વાર્ટર્સ. } **ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ.**
૧૯૧૦,

અનુક્રમણિકા.

ગુજરાતી ભાષાનું વ્યાકરણ.*

વાક્ય.

'ગાય ચરે છે,' 'બેન રડે છે,' આમ બોલવાથી બોલવાનો અર્થ પૂરેપૂરો સમજાય છે; પરન્તુ 'બેન ચોપડી,' 'બાપા ઘરમાં,' 'માને જોઈને,' એ પ્રમાણે બોલવાથી બોલવાની મતલબ પૂરી સમજાતી નથી. અધૂરો અર્થ પૂરો કરવા કંઈક નીચે મુજબ બોલાય:—

'બેન ચોપડી વાંચે છે.'
'બાપા ઘરમાં નથી.'
'માને જોઈને બાળક હરખાય છે.'

વળી 'બેસો,' 'આવજો,' એમ એક શબ્દ બોલવાથી પણ કહેવાની મતલબ પૂરી સમજાય છે.

એક કે એકથી વધારે શબ્દથી બોલનારનો પૂરેપૂરો અર્થ સમજી શકાય, ત્યારે વાક્ય બને છે.

વાક્યના બે ભાગ.

'શિક્ષક આવ્યા,' 'બિલાડીએ ઉંદર પકડયો,' આ વાક્યોમાં કોને માટે કહેવામાં આવ્યું છે? 'શિક્ષક' અને

---

* 'વ્યાકરણ' શબ્દનો અર્થ એવો છે કે, **व्याक्रियन्ते शब्दा अनेनेति व्याकरणम्**, એટલે જે વડે શબ્દોનું સ્પષ્ટીકરણ થાય તે વ્યાકરણ. અર્થાત્, પ્રકૃતિપ્રત્યયના વિભાગ દર્શાવી શબ્દોની વ્યુત્પત્તિ આપી હોય, તથા શુદ્ધ શબ્દોમાં જોવામાં આવતા નિયમો તેમજ તે શબ્દોનું વર્ગીકરણ, પ્રકાર, ઇત્યાદિ વિષયો પર જેમાં ચર્ચા કરી હોય તે 'વ્યાકરણ.'

'બિલાડી' ને માટે શું કહેવામાં આવ્યું છે? 'આવ્યા,' અને 'ઉંદર પકડ્યો,' એમ. કોઈ પણ વાક્યના ત્યારે બે ભાગ થાય છે:—**જેને માટે કહેવામાં આવ્યું હોય તે એક ભાગ, અને જે કંઈ કહેવામાં આવ્યું હોય તે બીજો ભાગ.**

વાક્ય.	કોને માટે (ઉદ્દેશ્ય*)	શું કહ્યું (વિધેય*)
૧. ઝાડ પડ્યું.	ઝાડ.	પડ્યું.
૨. છોકરો ઊંઘે છે.	છોકરો.	ઊંઘે છે.
૩. કુતરો રોટલો ખાય છે.	કુતરો.	રોટલો ખાય છે.

નામ.

જેને માટે કંઈક કહેવામાં આવે છે, તેનું કંઈક નામ પાડેલું હોય છે. નામ પાડવાથી પ્રાણી, પદાર્થ, ગુણ, વગેરે ઓળખાય છે. 'માણસ,' 'મગનલાલ,' 'ઝાડ,' 'લાકડું,' 'બળ,' 'ગળપણ,' વગેરે નામો છે. આમાં 'માણસ' ને 'મગનલાલ' એ પ્રાણીનાં નામ છે, 'ઝાડ' અને 'લાકડું' એ પદાર્થનાં નામ છે, ને 'બળ' ને 'ગળપણ' એ ગુણનાં નામ છે.

નામ એટલે જે શબ્દ વડે પ્રાણી, પદાર્થ, ગુણ, વગેરે ઓળખાય છે તે.

ક્રિયાપદ.

'ઘોડો દોડે છે,' આ વાક્યમાં ઘોડાને માટે 'દોડે છે' એમ કહ્યું છે. ઘોડો કંઈ કામ કે ક્રિયા કરે છે. 'દોડે છે' શબ્દથી આ ક્રિયા સમજાય છે.

---

*આ શબ્દો ત્રીજા ધોરણમાં શિખવવા નહિ. તેનો ખુલાસો આગળ ઉપર આવશે.

ક્રિયાપદ—જે પદ કે શબ્દથી કોઈ પણ જાતની ક્રિયા બતાવાય તે. ક્રિયાપદ એટલે ક્રિયા બતાવનારો શબ્દ.

ક્રિયાપૂરક.

'રામે માર્યો,' 'વાઘે ફાડી ખાધું,' 'સુથાર બનાવે છે,' આ પ્રમાણે બોલવાથી આ વાક્યોમાં થતી ક્રિયાના પૂરેપૂરા અર્થ સમજી શકાતા નથી. અધૂરા અર્થ પૂરા કરવા વાક્યોની અંદર બીજા શબ્દો ઉમેરવાની જરૂર છે.

'રામે રાવણને માર્યો.'
'વાઘે હરણને ફાડી ખાધું.'
'સુથાર મેજ બનાવે છે.'

આ પ્રમાણે બોલવાથી ક્રિયાના અર્થ બરાબર સમજાય છે. 'રાવણ,' 'હરણ,' અને 'મેજ,' એ શબ્દો ક્રિયાના અધૂરા અર્થ પૂરા કરે છે. આ શબ્દો 'નામ' છે. તેઓ 'ક્રિયાપૂરક'* કહેવાય છે.

અક્ષરવિચાર.

શબ્દ અને અક્ષર.

'બેસો,' 'કબૂતર ઊડયું,' 'પોપટે મરચું ખાધું,' 'આ અમારી નિશાળ છે.' આ વાક્યો તપાસતાં જણાશે કે તેમાં એક કે એકથી વધારે શબ્દો આવેલા છે. પહેલા વાક્યમાં એક, બીજામાં બે, ત્રીજામાં ત્રણ, અને ચોથામાં ચાર છે. હવે 'બેસો' એ શબ્દમાં 'બે,' અને 'સો'

---

* નામ સિવાયના બીજા શબ્દો પણ 'ક્રિયાપૂરક' તરીકે આવે છે, પણ તેનું વિવેચન આગળ ઉપર આવશે.

એવા બે 'અક્ષર' છે, અને તેજ પ્રમાણે 'પોપટ' માં 'પો,' 'પ,' અને 'ટ,' મળી ત્રણ અને 'અમદાવાદ' માં પાંચ અક્ષરો આવે છે. 'છો,' 'જૂ,' વગેરે શબ્દ માત્ર એકજ અક્ષરના બનેલા છે. **કોઈ પણ શબ્દ એક કે એકથી વધારે અક્ષરનો બનેલો હોય છે.**

સ્વર.

'અમદાવાદ' શબ્દ લો. આ શબ્દમાં પહેલા અક્ષરનો એટલે '**અ**' નો ઉચ્ચાર એની મેળે કે આપોઆપ થઈ શકે છે. આજ પ્રમાણે '**આ**,' '**ઇ**,' '**ઈ**,' '**ઉ**,' '**ઊ**,' '**એ**,' '**ઐ**,' '**ઓ**,' '**ઔ**,' ના ઉચ્ચાર પણ આપોઆપ થાય છે. એ અક્ષરોના ઉચ્ચાર કરવામાં બીજા કોઈ પણ અક્ષરની મદદ લેવી પડતી નથી. આવા બધા અક્ષરને '**સ્વર**' કહે છે.

હ્રસ્વ સ્વર.

હ્રસ્વ (જેનો ઉચ્ચાર ટુંકો છે એવા) સ્વર.

અ, ઇ, ઉ, ઋ, અને ऌ.

દીર્ઘ (જેનો ઉચ્ચાર લાંબો છે એવા) સ્વર.

આ, ઈ, ઊ, ૠ, એ, ઐ, ઓ, ઔ.

ઋ, ૠ, અને ऌ સંસ્કૃત ભાષામાં સ્વર ગણેલા છે. ગુજરાતી ભાષામાં એનો ઉપયોગ થોડો છે; ૠ ને ऌ નો નહિ જેવો છે.

વ્યંજન.

'અમદાવાદ' નો ઉચ્ચાર કરતાં 'અ' નો ઉચ્ચાર

કોઈ પણ અક્ષરની મદદ લીધા વિના થઈ શકે છે; પરન્તુ તેજ શબ્દના બીજા અક્ષર 'મ'નો ઉચ્ચાર કરતાં 'મ્' ની સાથે 'અ' ભેળવીશું તોજ 'મ' એવો ઉચ્ચાર થશે, તેવીજ રીતે બીજા અક્ષરો 'દા' 'વા' અને 'દ' નું સમજવું.

જે અક્ષરોના ઉચ્ચાર કરતાં કોઈ પણ સ્વરની મદદ લેવી પડે છે–એટલે જે અક્ષરોના ઉચ્ચાર કરવા માટે તેની સાથે કંઈક વિશેષ આંજવું કે મેળવવું પડે છે તેને 'વ્યંજન' કહે છે.

કુલ વ્યંજન નીચે મુજબ છે:—

ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, ચ્, છ્, જ્, ઝ્, ઞ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ત્, થ્, દ્, ધ્, ન્, પ્, ફ્, બ્, ભ્, મ્, ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્, હ્, અને ળ્.

ક્ થી માંડી ઙ્, સુધીના વ્યંજનો કંઠ કે ગળામાંથી બોલાય છે. તેવીજ રીતે ચ્ થી ઞ્ સુધીના તાળવામાંથી, ટ્ થી ણ્ સુધીના મૂર્ધાથી, ત્ થી ન્ સુધીના દાંતથી, પ્ થી મ્ સુધીના હોઠથી બોલાય છે. આમ હોવાથી આ સ્થાનો પ્રમાણે વ્યંજનોના નીચે મુજબ વર્ગ પાડવામાં આવ્યા છે.

વર્ગ.	**સ્થાન.**
૧. **ક** વર્ગ—ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, (હ્)......	કંઠસ્થાન.
૨. **ચ** વર્ગ—ચ્, છ્, જ્, ઝ્, ઞ્ (ય્, અને શ્).	તાલુસ્થાન.
૩ **ટ** વર્ગ—ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, (ર્, ષ્, અને ળ્).	મૂર્ધાસ્થાન.
૪. **ત** વર્ગ—ત્, થ્, દ્, ધ્ ન્, (સ્ અને લ્).	દંતસ્થાન. } વ.
૫. **પ** વર્ગ—પ્, ફ્, બ્, ભ્, મ,......	ઓષ્ઠસ્થાન. }

અર્દ્ધસ્વર.

ય્, ર્, લ્, અને વ્, ના ઉચ્ચાર કંઈક સ્વર જેવા થાય છે, માટે તે 'અર્ધસ્વર' કહેવાય છે.

બારાખડી.

૧. ક્ + અ = ક.
૨. ક્ + આ = કા.
૩. ક્ + ઇ = કિ.
૪. ક્ + ઈ = કી.
૫. ક્ + ઉ = કુ.
૬. ક્ + ઊ = કૂ.
૭. ક્ + એ = કે.
૮. ક્ + ઐ = કૈ.
૯. ક્ + ઓ = કો.
૧૦. ક્ + ઔ = કૌ.

ઉપર બતાવ્યા મુજબ દસ અક્ષર થયા. તેમાં 'કં' અને 'કઃ' ઉમેરવાથી કુલ બાર થાય. એ બધા મળી બાર અક્ષર થયા, માટે તેને '**બારાક્ષરી**' કે '**બારાખડી**' કહે છે.

બારાખડી લખવામાં વ્યંજનની સાથે આખા સ્વર નહિ, પણ તેની અમુક અમુક નિશાનીઓજ જોડી દેવામાં આવે છે. નીચે નિશાનીઓ અને તેનાં નામો આપેલાં છે.

સ્વર.	નિશાની	નિશાનીનું નામ.
અ.	નથી.	નથી.

(માટે બારાખડીમાં 'ક' ને કંઈ નહિ 'ક' કહેવાય છે).

આ.	ા	કાનો.
ઇ.	િ	હ્રસ્વ ઇ (હ્રસ્વ અજ્જુ).

ઈ.	ી	દીર્ઘ ઈ (દીર્ઘ અજ્જુ).
ઉ.	ુ	હ્રસ્વ ઉ (હ્રસ્વ વરડુ).
ઊ.	ૂ	દીર્ઘ ઊ (દીર્ઘ વરડુ.).
એ.	ે	એક માત્રા.
ઐ.	ૈ	બે માત્રા.
ઓ.	ો	કાનો માત્રા.
ઔ.	ૌ	કાનો બે માત્રા.
અં.	ં	અનુસ્વાર.
અઃ.	ઃ	વિસર્ગ.

અનુસ્વાર.

સ્વર ઉપર (જેમકે, અં, ઈં, ઉં, વગેરે) જે આવું (ં) ટપકું મૂકવામાં આવે છે તેને 'અનુસ્વાર' (સ્વરની પાછળ બોલાય છે માટે) કહે છે.

વિસર્ગ.

સ્વર (અઃ વગેરે) પછી આવાં (:) બે ટપકાં મૂકવામાં આવે છે તેને '**વિસર્ગ**' કહે છે. આ ટપકાં ઉમેરવાથી અક્ષરનો ઉચ્ચાર છાતીમાંથી બહાર ફેંકાઈ જતો હોય એટલે 'હ્' જેવો થાય છે.

જોડાક્ષર.

'પ્ર,' એ 'પ્,' 'ર્,' અને 'અ' નો બનેલો છે. 'ત્ર' માં 'ત્,' 'ર્, 'અને 'અ' છે. તેવીજ રીતે 'ક્ષ' માં ક્+ષ્+અ, અને 'જ્ઞ' માં જ્+ઞ્+અ, છે. 'ધ્યા' માં દ્+ય્+આ છે.

બે કે બેથી વધારે વ્યંજનો સાથે આવી તેનો એકજ અક્ષર બને, ત્યારે તે અક્ષરને જોડાક્ષર કહે છે.

અલ્પપ્રાણ.

ક, ચ, ટ, ત, પ, વગેરે કેટલાક વ્યંજનોના ઉચ્ચાર કરતાં માલૂમ પડશે કે તેના ઉચ્ચાર કરતાં થોડો શ્વાસ જોઈએ છે. આ કારણથી નીચેના વ્યંજનો 'અલ્પપ્રાણ' કહેવાય છે.

ક, ચ, ટ, ત, પ; ગ, જ, દ, ડ, બ; ય, ર, લ, વ, ળ; ઙ, ઞ, ણ, ન, મ.

મહાપ્રાણ.

ખ, છ, ઠ, વગેરે કેટલાક વ્યંજનોના ઉચ્ચાર કરતાં વધારે શ્વાસ જોઈએ છે, માટે તેવા વ્યંજનોને 'મહાપ્રાણ' કહે છે. નીચેના વ્યંજનો મહાપ્રાણ છે.

ખ, છ, ઠ, થ, ફ; ઘ, ઝ, ઢ, ધ, ભ; શ, ષ, સ, હ.

ગ, જ, ડ, દ, બ; ઘ, ઝ, ઢ, ધ, ભ; ઙ, ણ, ન, મ; ય, ર, લ, વ, હ અને ળ; આ બધા વ્યંજનો 'ઘોષ' કહેવાય છે.

ક, ચ, ટ, ત, પ; ખ, છ, ઠ, થ, ફ; શ, ષ અને સ, આ બધાને 'અઘોષ' વ્યંજન કહેવામાં આવે છે.

નામ.

શરૂઆતમાં વાક્ય અને તેના બે મુખ્ય ભાગ 'ઉદ્દેશ્ય' અને 'વિધેય' માટે કહ્યું છે. 'લાકડું સળગે છે.' 'મોતીલાલ હસે છે,' 'ગળપણ વધારે છે,' આ વાક્યોમાં 'લાકડા,' 'મોતીલાલ' અને 'ગળપણ' વિષે કંઈ કહેવામાં આવ્યું છે. આ ત્રણે શબ્દો નામ છે, પરન્તુ તે નામ એકજ જાતનાં નથી. દરેક નામનો પ્રકાર હવે નક્કી કરીએ.

જો દરેક વસ્તુને માટે જુદું જુદું નામ હોય, તો નામની સંખ્યાનો પાર રહે નહિ, માટે એકજ જાતની અને સરખા ગુણવાળી વસ્તુઓનું–પ્રાણી કે પદાર્થનું–**સાધારણ કે સામાન્ય નામ** (બધી વસ્તુને લાગુ પડે એવું) ઠરાવેલું છે.

'લાકડું સળગે છે' એ વાક્યમાં 'લાકડું' સામાન્ય નામ છે. છોકરો, શહેર, પર્વત, મેજ, કાગળ, ઘઉં, સોનું, લશ્કર, વગેરે સામાન્ય નામો છે.

સામાન્ય નામ* જે નામ કોઈ આખા વર્ગને અથવા તે વર્ગની હરકોઈ વસ્તુને લાગુ પડે છે તે.

अ.	**ब.**
૧. છોકરો હસે છે.	૧. મોતીલાલ હસે છે.
૨. છોકરી ડાહી છે.	૨. ગંગા ડાહી છે.
૩. શહેર સુંદર છે.	૩. મુંબઈ સુંદર છે.
૪. પર્વત ઊંચો છે.	૪. હિમાલય ઊંચો છે.

આ બંને ખાનાં તપાસો. **अ** ખાનામાં 'છોકરો,' 'છોકરી,' 'શહેર' અને 'પર્વત' એ 'ઉદ્દેશ્ય' છે. આ ઉદ્દેશ્યથી કયા ખાસ છોકરા, છોકરી, શહેર, કે પર્વત વિષે કહ્યું છે તે સમજાતું નથી.

આ બધા શબ્દો એક વસ્તુ માટે તેમજ આખા વર્ગને માટે ઠરાવેલાં નામો છે.

ब ખાનામાં આપેલા શબ્દો 'મોતીલાલ,' 'ગંગા,' 'મુંબઈ,' અને 'હિમાલય' ઉદ્દેશ્ય છે. આ શબ્દોથી કઈ ચોકસ વસ્તુ–પ્રાણી કે પદાર્થ–વિષે કહ્યું છે તે સ્પષ્ટ સમજાય છે.

---

*આને 'જાતિવાચક' પણ કહે છે. જે શબ્દ પ્રાણી કે પદાર્થની જાત ઓળખાવે છે તે 'જાતિવાચક નામ' કહેવાય.

આ બધાં નામો 'વિશેષનામ' કહેવાય છે.

એકજ પ્રાણી કે પદાર્થનું ખાસ નામ પાડેલું હોય છે તે 'વિશેષનામ.'

'ગળપણ વધારે છે,' 'લશ્કરે હિંમત બતાવી,' 'મને હરખ થયો,' 'તને ઊંઘ આવે છે,' 'ઘોડાની ચાલ ઉતાવળી છે,' આ વાક્યો તપાસતાં જણાશે કે, 'ગળપણ' અને 'હિંમત' એ ગુણનાં નામ છે. 'હરખ' એ લાગણીનું નામ છે; 'ઊંઘ' સ્થિતિનું અને 'ચાલ' ક્રિયાનું નામ છે. જે નામો ગુણ, લાગણી, સ્થિતિ, કે ક્રિયાનાં નામો છે તેને **ભાવવાચક** કહે છે. ભાવ એટલેજ ગુણ, લાગણી, સ્થિતિ, કે ક્રિયા.

સર્વનામ.

'છગનલાલે કહ્યું કે, છગનલાલ આજ જશે નહિ,' 'વનમાળીએ મગનલાલને કહ્યું કે, મગનલાલ વનમાળીને બોલાવતો હતો, એ વનમાળી જાણતો નહતો,' 'કેશવલાલ જતો હતો, તેવામાં કેશવલાલ પડી ગયો,' આ બધાં વાક્યો કઢંગાં દેખાય છે. એકનું એક નામ ફરી ફરીને વાપરવાને બદલે ઉપરનાં વાક્યો નીચે મુજબ બોલાય છે, ત્યારે બોલવું ઠીક લાગે છે. 'છગનલાલે કહ્યું કે, હું આજ જઈશ નહિ,' 'વનમાળીએ મગનલાલને કહ્યું કે, તું મને બોલાવતો હતો, એ હું જાણતો નહતો,' 'કેશવલાલ જતો હતો, તેવામાં તે પડી ગયો.'

ઉપરનાં વાક્યોમાં 'હું' 'તું' અને 'તે' શબ્દો નામોને માટે વપરાયા છે, માટે તેને 'સર્વનામ' કહે છે.

નામને ઠેકાણે જે શબ્દ આવે છે તે સર્વનામ.

સર્વનામનાં પ્રકાર.

પુરુષવાચક સર્વનામ.

'હું દાખલા ગણું છું,' 'તું ક્યારે ગણશે?' 'તે કોઈ દિવસ દાખલા ગણતો નથી,' 'અમદાવાદમાં દીવાસળી બને છે?' 'હા, તે અહિં બને છે.' પહેલા વાક્યમાં બોલનાર માટે 'હું' બીજામાં જેની સાથે વાત કરી છે તેને માટે 'તું' અને ત્રીજા તેમજ પાંચમા વાક્યમાં બોલનાર કે તેના સાથે વાત કરનાર સિવાય પ્રાણી કે પદાર્થ વિષે કહ્યું છે તેને માટે 'તે' વપરાયા છે. હું, તું, તે, વગેરે 'પુરુષવાચક' સર્વનામ કહેવાય છે.

પહેલો પુરુષ સર્વનામ.	બીજો પુ. સ.	ત્રી. પુ. સ.
હું, અમે, અમો, આપણ, આપણે.	તું, તમે, તમો.	તે, તેઓ.

પ્રશ્નવાચક સર્વનામ.

'કોણ આવ્યું?' 'શું કરો છો?' આ વાક્યોમાં 'કોણ' અને 'શું' એ સર્વનામો પ્રશ્ન પૂછવામાં વપરાયાં છે. કોણ, શો, શી, શું, વગેરે 'પ્રશ્નવાચક' સર્વનામ કહેવાય છે.

પ્રશ્ન પૂછવામાં વપરાતાં સર્વનામો 'પ્રશ્નવાચક' સર્વનામ કહેવાય છે.

સ્વવાચક સર્વનામ.

'હું પોતે જઈશ,' 'તમે પોતે કર્યું,' 'રાજા પોતે ન્યાય આપે છે,' પહેલા અને બીજા વાક્યમાં 'પોતે' શબ્દ સર્વનામ અને ત્રીજામાં નામની સાથે વપરાયો છે. 'પોતે' એ શબ્દ બોલનાર પોતાની જાતને

માટે વાપરે છે. માટે '**સ્વવાચક**' સર્વનામ કહેવાય છે. 'સ્વ' એટલે પોતાની જાત.

દર્શક સર્વનામ.

'**આ** (છોકરાને બતાવીને) બોલ્યો,'

'**પેલી** (છોકરીને બતાવીને) હસે છે,'

'આ' નજીકની વસ્તુ--પ્રાણી કે પદાર્થ—માટે અને 'પેલી' જરા દૂરની વસ્તુને માટે વપરાય છે.

આ, એ, ઓલ્યો, :પેલો, વગેરે '**દર્શક**' (બતાવનારાં) સર્વનામ કહેવાય.

અનિશ્ચિત સર્વનામ.

'હજુ **કોઈ** નિશાળે આવ્યું નથી,' 'આમાં **કંઈક** છે,' '**કેટલાક** તો ઓટલા ઉપર બેઠા હતા,' આમાં 'કોઇ,' 'કંઇક,' અને 'કેટલાક,' સર્વનામથી કોઈ નિશ્ચિત—નક્કી પ્રાણી કે પદાર્થ સમજાતો નથી. આવાં અનિશ્ચિત પ્રાણી કે પદાર્થ બતાવનારાં '**અનિશ્ચિત**' સર્વનામ કહેવાય છે.

જે સર્વનામથી નિશ્ચિત પ્રાણી કે પદાર્થ નહિ, પણ મોઘમ એટલે ગમે તે કોઈએક પ્રાણી કે પદાર્થ સમજાય છે તે 'અનિશ્ચિત' સર્વનામ કહેવાય છે.

સંબંધી સર્વનામ.

'જે ખાડો ખોદે તે પડે,' 'જેવું વાવશો તેવું **લણશો**,' આ પ્રમાણે કહેવાને બદલે 'જે ખાડો ખોદે,' '**જેવું** વાવશો,' એટલુંજ ફક્ત કહેવામાં આવે તો બોલેલા

શબ્દોની પાછળ હજુ કંઈક કહેવાનું બાકી છે એમ સમજાય છે.

'જે' અને 'જે' ઉપરથી થએલાં 'જેવું,' 'જેટલું,' અને 'જેવડું' એ સંબંધી (સંબંધ રાખનારાં) સર્વનામો કહેવાય છે, કારણ કે તે વપરાય છે ત્યારે તેના સંબંધમાં કે તેની સાથે હંમેશાં 'તે,' 'તેવું,' 'તેટલું,' અને 'તેવડું,' '**દર્શક સર્વનામ**' પણ અનુક્રમે વપરાય છે.

જાતિ.

નરજાતિ.

'છોકરો દોડ્યો,' 'કાગડો ઊડ્યો,' 'દડો ઝીલ્યો,' 'છોકરો,' 'કાગડો,' ને 'દડો,' નર કે પુરુષની જાતનાં નામ છે. આ નામો નરની પેઠે બોલાય છે, અને એને છેડે 'ઓ' આવેલો છે. નરની પેઠે બોલાતાં નામને છેડે ઘણું-કરી 'ઓ' આવે છે; પરન્તુ 'છગનલાલ કૂદ્યો,' 'રાજા ગુસ્સે થયો,' 'હાથી ચાલ્યો,' 'લાડુ ખાધો,' આ વાક્યો તપાસતાં માલૂમ પડે છે કે, જે શબ્દોને છેડે 'ઓ' નથી હોતો તે પણ નરની પેઠે બોલાય છે.

જે શબ્દો નરની પેઠે બોલાય છે, તે શબ્દો 'નરજાતિ' ના છે, એટલે નરની જાતિના—વર્ગના—છે.

નારીજાતિ.

'છોકરી ઊઠી,' 'સાડી ઢળી,' આમાં 'છોકરી' અને 'સાડી' નામો નારીની પેઠે બોલાય છે એવા શબ્દોને છેડે ઘણુંકરીને 'ઈ' આવે છે; પરન્તુ 'વાત બની,'

'બાધા રાખી,' 'જૂ નીકળી' 'હુરડે ખાંડી,' 'જબો મૂકી,' આ વાક્યોમાં વપરાએલાં નામને છેડે 'ઈ' આવતી નથી, છતાં તે નારીની પેઠે બોલાય છે.

જે શબ્દો નારીની પેઠે બોલાય છે તે નારીજાતિના કહેવાય છે.

નાન્યતર જાતિ.

'છોકરૂં રડ્યું,' 'ગાડું હાંક્યું,' આ બંને વાક્યોમાં નામને છેડે 'ઉં' છે. અને તે નર કે નારીની પેઠે બોલાતાં નથી. ઘણુંકરી આ જાતનાં નામને છેડે 'ઉં' આવે છે; પરન્તુ 'કલકત્તા મોટું છે,' 'મોતી પાણીદાર છે,' 'વસો નાનું છે,' 'લખનૌ પ્રખ્યાત શહેર છે,' આ વાક્યોમાં નામને છેડે અનુક્રમે આ, ઈ, ઓ, અને ઔ છે.

નાન્યતર = ન + અન્યતર; જે શબ્દોની જાતિ અન્યતર—એમાંથી એકે—નથી તે નાન્યતર જાતિના છે.

જે શબ્દો નર કે નારી જાતિના નથી, તે નાન્યતર જાતિના છે.

અમુક નામ નર, નારી, કે નાન્યતર જાતિનું છે તે 'કેવો,' 'કેવી,' કે 'કેવું,' લગાડવાથી જણાય છે; જેમકે, 'કોળી' (કેવો) ન૦, 'પાટલાઘો' (કેવી) નારી૦, 'ઘર' (કેવું) નાન્ય૦

નરજાતિનાં નામોમાંથી નારીજાતિનાં નામો કેવી રીતે બનાવવાં?

નર.	નારી.
શેઠ.	શેઠાણી.

કોળી.	કોળણ, કોળેણ.
કુતરો.	કુતરી.

આ દાખલા ઉપરથી સમજાય છે કે નરજાતિનાં નામોને 'પ્રત્યય'* લગાડવાથી નારીજાતિ બને છે. અણ, એણ, આણી, ણી, ડી, ઈ, વગેરે આવા પ્રત્યયો છે.

નર.	નારી.
બાપ.	મા.
પુરુષ.	સ્રી.

કેટલાંક નામોની નારીજાતિ જુદીજ રીતે થાય છે.

નરજાતિમાંથી નારીજાતનાં નામો પ્રત્યય લગાડવાથી કે તદ્દન જુદાજ રીતે થાય છે.

'સોપારી,' 'તમાકુ,' 'ચા,' આ અને બીજા કેટલાક શબ્દો પ્રાન્તિક ભેદને લીધે જુદી જુદી જાતિમાં વપરાય છે.

વચન.

'છોકરો,' 'લુગડું,' આ રૂપ ઉપરથી વસ્તુ એક છે એમ સમજાય છે. 'છોકરા,' 'છોકરાઓ,' 'લુગડાં,' કે 'લુગડાંઓ,' બોલવાથી વસ્તુ એકથી વધારે છે એમ માલૂમ પડી આવે છે. 'છોકરો,' અને 'લુગડું,' એ મૂળ રૂપોને પ્રત્યય લાગવાથી તેમાં બહુપણાનો અર્થ આવ્યો છે.

---

* પ્રત્યય (પ્રતિ + અય; 'ઈ' જવું ઉપરથી) એક કે વધારે અક્ષર શબ્દને છેડે આવીને તેના અર્થમાં ફેર પાડે છે તે. 'મનમા,' 'ખાઈને,' આમાં 'મા,' અને 'ઈને,' એ પ્રત્યય છે.

'માણસ આવ્યો,' 'માણસ આવ્યાં,' 'મારા ઘરમાં એક પેટી છે,' 'તમારા ઘરમાં બે પેટી છે.' 'ઝાડ પડ્યું,' 'ઝાડ પડ્યાં,' આ વાક્યોમાં 'માણસ,' 'પેટી,' અને 'ઝાડ,' આ શબ્દો એક અથવા બહુપણાનો ખ્યાલ આપે છે. 'માણસ,' એક કે એકથી વધારે માણસ.

'માણસો,' 'પેટીઓ,' અને 'ઝાડો' એ રૂપો ઉપરથી પણ વસ્તુઓ અનેક છે એમ સમજાય છે.

જે શબ્દના રૂપમાં એકનો અર્થ હોય તે એકવચન અને બહુનો અર્થ હોય તે બહુવચન.

જાતિ.	**એકવચન.**	**બહુવચન.**
નર.	છોકરો.	છોકરા—છોકરાઓ.
	લાડુ	લાડુ—લાડુઓ.
નારી.	પાટી.	પાટી—પાટીઓ.
નાન્યતર.	ઈંડું.	ઈંડાં—ઈંડાંઓ.
	ગામ.	ગામ—ગામો.

ત્રણે જાતિના શબ્દોનાં મૂળ રૂપો બહુવચનમાં વપરાય છે, અથવા તે રૂપોને પ્રત્યય લગાડવાથી બહુવચન બને છે.

'ઘઉં આવ્યા,' 'બળીઆ નીકળ્યા,' અહિં વપરાએલાં નામો તેમજ બીજાં કેટલાંક નામો ગુજરાતીમાં બહુવચનમાંજ વપરાય છે.

'દૂધ પીધું,' 'તેલ ઢળ્યું,' 'અહંકાર થયો,' આ વાક્યોમાં વપરાએલાં નામો તેમજ તેવાં બીજાં કેટલાંક નામો ઘણુંકરી એકવચનમાંજ વપરાય છે.

સર્વનામનાં જાતિવચન.

સર્વનામ એ નામને ઠેકાણેજ વપરાય છે, તેથી નામનાં જે જાતિવચન હોય છે, તેજ સર્વનામનાં પણ હોય છે.

વિભક્તિ.

'શિક્ષક પુસ્તક,' 'ચપ્પુ ઘડી,' 'ગોળી માર્યો,' આ પ્રમાણે બોલવાનો કંઈ અર્થ થતો નથી. 'શિક્ષકનું પુસ્તક,' 'ચપ્પુથી ઘડી,' 'ગોળીએ માર્યો,' આમ કહેવાથી શબ્દ વચ્ચેનો સંબંધ અને તેથી કહેવાનો મુદ્દો સમજાય છે. 'શિક્ષક' અને 'પુસ્તક,' એ બે નામો વચ્ચેનો સંબંધ 'શિક્ષક,' ને 'નું,' પ્રત્યય લગાડવાથી સ્પષ્ટ થાય છે. 'ચપ્પુ,' નામ અને 'ઘડી,' ક્રિયાપદનો સંબંધ 'ચપ્પુ,' ને 'થી' પ્રત્યય લગાડવાથી સમજાય છે, અને તેજ પ્રમાણે 'ગોળી,' અને 'માર્યો,' નો સંબંધ 'ગોળી' ને 'એ,' પ્રત્યય લગાડવાથી સમજી શકાય છે.

વિભક્તિ—એટલે એક શબ્દનો બીજા સાથે સંબંધ દેખાડનારા પ્રત્યય કે તે સાથેના શબ્દોનાં રૂપ:— જેમકે, ઘરમાં, માણસને, ગામથી, વગેરે.

સાત વિભક્તિઓ.

પહેલી વિભક્તિ.

'છોકરો દોડે છે,' 'પવન ફુંકે છે,' આ વાક્યોમાં 'છોકરો,' અને 'પવન,' પહેલી વિભક્તિમાં છે. પહેલી વિભક્તિમાં આવેલા શબ્દોને પ્રત્યય લાગતા નથી. 'છોકરો,'

અને 'પવન,' કર્તા છે; પ્રથમા વિભક્તિ કર્તા હોય છે, પણ કર્તા એ વિભક્તિનો અર્થ ન હોવાથી એ કર્તાર્થે પ્રથમા કહેવાતી નથી.*

બીજી વિભક્તિ.

'હું ગણું છું,' 'રાજા બોલાવે છે,' આ પ્રમાણે બોલવાથી કોને માટે કહ્યું છે તેટલુંજ સમજાય છે. શું કહ્યું છે તે પૂરેપૂરૂં સમજાતું નથી. 'હું દાખલા ગણું છું,' 'રાજા પ્રધાનને બોલાવે છે,' એ પ્રમાણે 'દાખલા,' અને 'પ્રધાનને' શબ્દો ઉમેરવાથી એટલે કે ક્રિયાના અર્થ પૂરા કરનાર શબ્દ, ક્રિયા જેના પર થાય છે એવી વસ્તુ બતાવનાર શબ્દ ઉમેરવાથી વાક્યના અર્થ પૂરેપૂરા સમજાય છે. આ શબ્દને 'કર્મ' (કરેલું કે સાધેલુ કામ) કહે છે. બીજી વિભક્તિનો અર્થ 'કર્મ' છે. બીજી વિભક્તિના શબ્દને પ્રત્યય લાગે કે ન પણ લાગે. 'ને,' એ બીજી વિભક્તિનો પ્રત્યય છે.

ત્રીજી વિભક્તિ.

'છોકરીએ રૂમાલ ગુંથ્યો.' અહિં ગુંથવાનું કામ કરનાર છોકરી છે. ક્રિયા કરનાર એટલે કર્ત્તા 'છોકરી' ત્રીજી વિભક્તિમાં છે. આ વિભક્તિનો પ્રત્યય 'એ' છે.

'ગોળીએ વાઘને માર્યો,' આ વાક્યમાં 'ગોળી' એ 'કરણ' છે, એટલે તેનાથી કંઈ કામ કરાયું છે. ત્રીજી વિભક્તિનો અર્થ 'કરણ' પણ છે.

---

* 'છોકરા' અને 'પવન'ની નિર્દેશવાચક પ્રથમા વિભક્તિ કહેવાય છે. નિર્દેશ એટલે શબ્દ કહેવો તે. પહેલી વિભક્તિનો અર્થ માત્ર 'નિર્દેશ' છે.

ચોથી વિભક્તિ.

'શિષ્યે ગુરુને દક્ષિણા આપી,' 'ગુરુ' શબ્દની ચોથી વિભક્તિ છે; 'ને' એ ચોથી વિભક્તિનો પ્રત્યય છે. આ વિભક્તિનો મુખ્ય અર્થ 'સંપ્રદાન' (આપવું) છે.

પાંચમી વિભક્તિ.

'મારાથી ચોપડી લખાઈ,' 'અમદાવાદથી ગાડી ઉપડી.' પહેલા અને બીજા વાક્યમાં 'થી' પ્રત્યય પાંચમીનો છે. પહેલા વાક્યમાં તેનો અર્થ 'કરણ' (જેણે કરી કામ કરાયું હોય તે) અને બીજામાં 'અપાદાન' (છૂટા પડવું) છે.

છઠ્ઠી વિભક્તિ.

'રાજાનો કુંવર,' સંબંધ એ આ વિભક્તિનો અર્થ છે.

નો, ની, નું, ના, નાં, એ છઠ્ઠી વિભક્તિના પ્રત્યયો છે. તણો ણી–ણું, કેરો–રી–રૂં, આ પ્રત્યયો છઠ્ઠી વિભક્તિના છે, પરન્તુ તે કવિતામાં વપરાય છે.

સાતમી વિભક્તિ.

'તે ગામડામાં રહે છે,' 'માથે પાઘડી છે,' આમાં 'માં,' અને 'એ' પ્રત્યયો સાતમી વિભક્તિના છે. સાતમી વિભક્તિનો મુખ્ય અર્થ 'અધિકરણ' (સ્થળ) છે.

'મગનલાલ, અહિં આવ,' આ વાક્યમાં 'મગનલાલ' ને બીજા શબ્દો જોડે કોઈ પણ જાતનો સંબંધ નથી. 'મગનલાલ' એ પ્રત્યય વિનાનું વિશેષનામ છે, અને તે સંબોધનના એટલે બોલાવવાના અર્થમાં વપરાયું છે. આ અને આવી રીતે વપરાએલાં બીજાં નામો '**સંબોધનાર્થે પ્રથમા**' માં છે એમ કહેવાય.

'વાડીમાંના મૂળા,' 'ઘરમાંથી વીંછી નીકળ્યો,' 'તેઓમાંનાએ આ કામ કર્યું હશે,' આમાં બેત્રણ વિભક્તિના પ્રત્યયો એક શબ્દને લાગેલા છે. કોઈ વેળા એકજ શબ્દને બેત્રણ વિભક્તિના પ્રત્યયો લાગે છે.

નામ.

ઉંકારાંત નામ.

ઈંડું.

	એકવચન.	બહુવચન.
પ. વિ.	ઈંડું.	ઈંડાં—ઈંડાંઓ.
બી. વિ.	ઈંડું—ઈંડાને.	ઈંડાં—ઈંડાંને—ઈંડાંઓને.
ત્રી. વિ.	ઈંડાએ—ઈંડે	ઈંડાંએ—ઈંડે—ઈંડાંઓએ.
ચો. વિ.	ઈંડાને (માટે, સારૂ)	ઈંડાંને—ઈંડાંઓને.
પાં. વિ.	ઈંડાથી—થકી.	ઈંડાંથી—થકી, ઈંડાંઓથી—થકી.
છ. વિ.	ઈંડાનો-ને-ની-નું-ના-નાં.	ઈંડાંનો—ને—ની—નું—ના—નાં. ઈંડાંઓનો--ને-ની-નું-ના-નાં.
સા. વિ.	ઈંડામાં.	ઈંડાંમાં—ઈંડાંઓમાં.

સર્વનામ (હું).*

	એકવચન.	બહુવચન.
પ. વિ.	હું.	અમે—અમો.
બી. ,,	મને.	અમને—અમોને.
ત્રી. ,,	મેં.	અમે—અમોએ.

---

*મુને, મુજને, મુજથી, અમોથી, મુજ, મજમાં, અને મુજમાં રૂપો પણ વપરાય છે.

ચો. ,,	મને.	અમને-અમોને.
પાં. ,,	મારાથી-થકી.	અમારાથી-થકી, અમથી-થકી.
છ. ,,	મારો-રી-રૂં-રા-રાં.	અમારો-રી-રૂ-રા-રાં.
સા. ,,	મારામાં.	અમારામાં-અમમાં.

આપણ.*

બહુવચન.

પ. વિ.	આપણુ-આપણે.
બી. ,,	આપણુને.
ત્રી. ,,	આપણે.
ચો. ,,	આપણે (માટે, સારૂ).
પાં. ,,	આપણાથી-થકી.
છ. ,,	આપણો-ણી-ણું-ણા-ણાં.
સા. ,,	આપણામાં.

આપ.

બહુવચન.

પ. વિ.	આપ.
બી. ,,	આપને.
ત્રી. ,,	આપે.
ચો. ,,	આપને (માટે, સારૂ).
પાં. ,,	આપથી-થકી.
છ. ,,	આપનો-ની-નું-ના-નાં.
સા. ,,	આપમાં.

---

*' **આપણે** આ કામ કરીશું,' '**આપણે**,' સર્વનામમાં જેની સાથે વાત કરવામાં આવે છે, તેનો પણ સમાવેશ થાય છે. ' **અમે** ગામ ગયા ' અહિં ' **અમે** ' સર્વનામ બોલનારા પોતાને માટેજ વાપરે છે.

તે.

એકવચન.			બહુવચન.
પ.	વિ.	તે.	તે-તેઓ.
બી.	„	તેને.	તેમને-તેઓને.
ત્રી.	„	તેણે.	તેમણે-તેઓએ.
ચો.	„	તેને (માટે, સારૂ).	તેમને-તેઓને.
પાં.	„	તેથી-થકી.	તેઓથી-થકી.
છ.	„	તેનો-ની-નું-ના-નાં.	તેમનો-ની-નું-ના-નાં. તેઓનો-ની-નું-ના-નાં.
સા.	„	તેમાં-તેનામાં.	તેઓમાં-તેમનામાં-તેઓનામાં.

'જે' અને '   ' નાં રૂપ ઉપર પ્રમાણે કરવાં.

પોતે.

એકવચન	અને	બહુવચન.
પ.	વિ.	પોતે.
બી.	„	પોતાને.
ત્રી.	„	પોતે.
ચો.	„	પોતાને (માટે, સારૂ).
પાં.	„	પોતાથી-થકી.
છ.	„	પોતાનો-ની-નું-ના-નાં.
સા.	„	પોતામાં.

કોણ.

એકવચન.	બહુવચન.
પ. વિ.	કોણ.
બી. ,,	કોને.[1]
ત્રી. ,,	કોણે.[2]
ચો. ,,	કોને [3] (માટે, સારૂ).
પાં. ,,	કોનાથી–થકી[4]
છ. ,,	કોનો–ની–નું–ના–નાં.[5]
સા. ,,	કોનામાં.[6]

અકર્મક અને સકર્મક ક્રિયાપદ.

'લાકડું સળગે છે,' 'મગનલાલ હસે છે,' 'દડો ઊછળ્યો,' આ વાક્યોમાં ક્રિયાનો અર્થ પૂરેપૂરો સમજાય છે. આમાં ક્રિયાનું પૂરક એટલે કર્મ નથી.

'સળગે છે,' 'હસે છે,' 'ઊછળ્યો,' અને આવાં બીજાં ક્રિયાપદો કર્મ વિનાનાં એટલે 'અકર્મક' છે.

અકર્મક–(અ+કર્મન્+ક). **જેને કર્મ નથી તે.**

'દેવદત્ત ચોખા રાંધે છે,' 'ભીખારી રોટલો ખાય છે,' 'મેં તેને દક્ષિણા આપી,' આ વાક્યોમાં 'રાંધે છે,' 'ખાય છે,' અને 'આપી' એ ક્રિયા છે, અને 'ચોખા,' 'રોટલો,' અને 'તેને દક્ષિણા' એ કર્મ છે.

---

૧. કેને, કોણને,
૨. કેણે.
૩. કેને—કોણને.
૪. કોણથી—થકી, કેનાથી—થકી.
૫. કેનો—ની—નું—ના—નાં.
૬. કેનામાં, કોણમાં, કેમાં

(૧–૩:) આવાં રૂપો પણ કોઈ કોઈ સ્થળે વપરાય છે. (૪–૬:) આવાં રૂપો પણ કોઈ કોઈ સ્થળે વપરાય છે.

સકર્મક–(સ+કર્મન્+ક). જેને કર્મ હોય તે.

પ્રધાન અને ગૌણ કર્મ.

'રાજાએ બ્રાહ્મણને દક્ષિણા આપી,' 'માએ છોકરાને દૂધ પાયું,' આ બંને વાક્યોમાં ક્રિયાપદને બે કર્મ છે. 'બ્રાહ્મણ,' અને 'દક્ષિણા,' એ 'આપી' ક્રિયાપદનાં, અને 'છોકરાને,' અને 'દૂધ,' એ 'પાયું' ક્રિયાપદનાં કર્મ છે. આવાં ક્રિયાપદો '**દ્વિકર્મક**'–(બે કર્મવાળાં) કહેવાય છે. આ બે કર્મમાંથી એક '**પ્રધાન**' અને બીજું '**ગૌણ**' છે. જેના ઉપર આપવાની અને પાવાની ક્રિયા લાગુ પાડી છે તે '**ગૌણ**' અને જે આપ્યું અને પાયું છે તે '**પ્રધાન**' કર્મ.

કર્તા અને ઉદ્દેશ્ય.

'મગનલાલ દોડે છે,' 'કુતરો ભસે છે,' આ વાક્યોમાં 'મગનલાલ' અને 'કુતરો' ક્રિયાના કરનાર એટલે કર્તા છે. 'મગનલાલ' અને 'કુતરા' ને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે, માટે તે બંને નામો 'ઉદ્દેશ્ય' પણ છે. 'મારાથી ચોપડી લખાઈ,' 'તમારાથી કાગળ વંચાયો,' 'તેનાથી નુકસાન કરાયું' આ વાક્યોમાં 'ચોપડી,' 'કાગળ,' અને 'નુકસાન' થી કંઈ પણ ક્રિયા થતી નથી, એટલે તે નામો કર્તા કે ક્રિયાનાં કરનાર નથી. 'ચોપડી,' 'કાગળ,' અને 'નુકસાન' ને ઉદ્દેશીને 'લખાઈ,' 'વંચાયો,' અને 'કરાયું' એ પ્રમાણે કહેવામાં આવ્યું છે, માટે તે ત્રણે નામો 'ઉદ્દેશ્ય' કહેવાય.

કર્તા ઉદ્દેશ્ય હોય, પણ દરેક ઉદ્દેશ્ય કર્તા નથી.

કાળ.

ક્રિયાપદોનાં રૂપો ઉપરથી અમુક ક્રિયા થાય છે એવું ભાન થાય છે, એટલુંજ નહિ પણ તે ક્યારે થાય છે તે પણ જણાય છે. 'હું કાગળ લખું છું,' અહિં 'લખું છું' રૂપ ઉપરથી લખવાની ક્રિયા ચાલુ છે એવું સ્પષ્ટ સમજાય છે.

'મેં કાગળ લખ્યો,' અહિં 'લખ્યો' રૂપ ઉપરથી લખવાની ક્રિયા થઈ ગઈ છે એવું, અને 'હું કાગળ લખીશ,' એમાં 'લખીશ' રૂપ ઉપરથી લખવાની ક્રિયા હજુ થવાની છે એવું સ્પષ્ટ સમજાય છે. કાળ એટલે વખત; અમુક ક્રિયા થાય છે, થઈ ગઈ છે કે, થવાની છે, એ ક્રિયાપદના 'કાળ' ઉપરથી જણાય છે.

વર્તમાન* કાળ.

'બાળક કાગળ ફાડે છે,' 'વાંદરો કૂદે છે,' 'સુરજ ઊગે છે,' આ વાક્યોમાં ક્રિયાપદનાં રૂપ ઉપરથી જણાય છે કે ક્રિયા ચાલુ છે.

વર્તમાન એટલે ચાલુ કે ચાલતો; ચાલતો વખત બતાવનાર ક્રિયાપદ વર્તમાન કાળમાં કહેવાય છે.

ભૂતકાળ.

'સુરજ આથમ્યો,' 'ચંદ્ર ઊગ્યો,' 'અજવાળું થયું,' આ વાક્યોમાં ક્રિયા થઈ ગઈ છે એવું સમજાય છે. ભૂત એટલે થઈ ગએલો; થઈ ગએલો વખત—

* 'વર્તમાન,' અને 'વર્ત્તમાન' બંને રૂપો શુદ્ધ છે.

બતાવનાર ક્રિયાપદ ભૂતકાળમાં કહેવાય છે.

ભવિષ્ય કાળ.

'વાજું વાગશે,' 'વરઘોડો નીકળશે,' 'ગમ્મત પડશે,' આ વાકયોમાં બધી ક્રિયા હવે પછી થવાની છે એ ક્રિયાપદનાં રૂપો ઉપરથી ખુલ્લું છે.

ભવિષ્ય એટલે થવાનો કે આવવાનો; આવવાનો વખત બતાવનાર ક્રિયાપદ ભવિષ્ય કાળમાં કહેવાય છે.

'પડ' ધાતુનાં ત્રણે કાળનાં રૂપો.

વર્તમાન કાળ.

નર, નારી, અને નાન્યતર જાતિ.

	એકવચન.	બહુવચન.
પહેલો પુરુષ.	હું પડું છું.	અમે પડીએ છીએ.
બીજો ,,	તું પડે છે.	તમે પડો છો.
ત્રીજો ,,	તે પડે છે.	તેઓ પડે છે.

ભૂતકાળ (ત્રણે પુરુષમાં)

	એકવચન.	બહુવચન.
નરજાતિ.	પડયો.	પડયા.
નારીજાતિ.	પડી.	પડયાં.
નાન્યતરજાતિ.	પડયું.	પડયાં.

ભવિષ્ય કાળ.

નર, નારી, અને નાન્યતર.

	એકવચન.	બહુવચન.
પહેલો પુરુષ.	પડીશ.	પડીશું.
બીજો ,,	પડીશ, પડશે.	પડશો.
ત્રીજો ,,	પડશે.	પડશે.

'છ' ધાતુનાં રૂપો.

વર્તમાન કાળ.

	એકવચન.	બહુવચન.
પહેલો. પુ૦	હું છું.	અમે છીએ.
બીજો. પુ૦	તું છે, છું.	તમે છો.
ત્રીજો. પુ૦	તે છે.	તેઓ છે.

આ ક્રિયાપદનાં વર્તમાન કાળ સિવાયનાં બીજા કાળનાં રૂપો થતાં નથી. બીજા કાળમાં 'છે' ને બદલે 'હો' ધાતુ વપરાય છે.

અર્થ.

નિશ્ચયાર્થ.

'હું લખું છું,' 'તમે લખ્યું,' 'તે કરશે,' 'અમે કરેલું છે,' 'તે કરવાનો છે,' આ બધાં વાક્યોમાં ક્રિયાપદ નિશ્ચય બતાવે છે.

સંશયાર્થ.

'હું હોઉં,' 'તમે કર્યું હોય,' 'તેણે કર્યું હશે,' 'જો તું જાત તો સારૂં થાત,' આ વાક્યોમા ક્રિયાપદનાં રૂપો નક્કીપણું બતાવતાં નથી, પણ સંશય કે સંકેત બતાવે છે.

આજ્ઞાર્થ.

'જાઓ,' 'તું કર,' 'પધારજો,' 'પરમેશ્વર તમારૂં ભલું કરો,' 'છોકરાંઓએ માબાપની આજ્ઞા પાળવી,' આ વાક્યોમાંનાં ક્રિયાપદનાં રૂપો ઉપરથી આજ્ઞા, ઉપદેશ, આશીર્વાદ, પ્રાર્થના, વગેરેનું ભાન થાય છે.

નિશ્ચય, સંશય, કે આજ્ઞાનો અર્થ બતાવનાર ક્રિયાપદના રૂપને ક્રિયાપદનો તે તે 'અર્થ' કહે છે.

પ્રયોગ.

'કરૂં છું,' 'કરો છો,' 'કરે છે,' એ રૂપો ઉપરથી કર્ત્તાનું ભાન થાય છે. 'કરાય છે,' 'ગવાય છે,' એ રૂપો ઉપરથી કર્ત્તાનું નહિ પણ કર્મનું ભાન થાય છે.

કર્ત્તરિ પ્રયોગ.

'કરૂં છું,' 'મોતીલાલ જાય છે,' 'હું ચોપડો, કવિતા, કે ગીત લખું છું,' અહિં વપરાએલાં ક્રિયાપદનાં રૂપો કર્ત્તાનો બોધ કરે છે. **પ્રયોગ એટલે વપરાશ.**

ક્રિયાપદનો કર્તાના અર્થમાં વપરાશ હોય, ત્યારે તેનો પ્રયોગ કર્તરિ (કર્તાના અર્થમાં) કહેવાય.

કર્મણિ પ્રયોગ.

'કરાયો,' 'લખાયું,' 'કરાશે,' 'મેં ચોપડો લખ્યો,' 'મારાથી ચોપડી લખાઈ' અહિં બધાં ક્રિયાપદોનાં રૂપો કર્મનો બોધ કરે છે; એટલે તેનાં જાતિવચન અને પુરુષ કર્મ પ્રમાણે ફરે છે.

ક્રિયાપદનો કર્મના અર્થમાં વપરાશ હોય, ત્યારે તેનો પ્રયોગ (વપરાશ) કર્મણિ (કર્મના અર્થમાં) કહેવાય.

ભાવે પ્રયોગ.

'જવાય છે,' (જવાનું કે જવું થાય છે) 'મને ગમે છે,' 'તમને ભાવતું નથી,' આ બધાં ક્રિયાપદોનાં રૂપો ઉપરથી કર્ત્તા કે કર્મનો બોધ થતો નથી, માત્ર ક્રિયાનો અર્થ સમજાય છે.

ભાવે (ભાવના–ક્રિયાના–અર્થમાં) પ્રયોગમાં ક્રિયાપદ હંમેશાં ત્રીજો પુરુષ, નાન્યતર જાતિ, અને એકવચનમાં આવે છે.

'પ્રયોગ' શોધી કાઢવા માટે એક સરળ યુક્તિ નીચે પ્રમાણે છે.

ક્રિયાપદનાં રૂપો કર્તા પ્રમાણે, કર્મ પ્રમાણે, કે ભાવ પ્રમાણે ફરે છે તે શોધી કાઢવું.

'છોકરો ગયો' પણ 'છોકરી ગઈ,' 'છોકરું ગયું,'

આમાં ક્રિયાપદનાં રૂપો કર્તાના ફરવાથી ફરે છે, માટે પ્રયોગ કર્તરિ છે.

'મેં રોટલો ખાધો,' પણ 'મેં મગફળી ખાધી,' 'જામફળ ખાધું,' અહિં ક્રિયાપદનાં રૂપો કર્મ પ્રમાણે ફરે છે, માટે પ્રયોગ કર્મણિ.

'પેટમાં દુ:ખે છે,' 'મને અહિં ફાવતું નથી,' અહિં ક્રિયાપદનાં રૂપો કર્તા કે કર્મ બેમાંથી એકે પ્રમાણે ફરતાં નથી.

જે શબ્દ પ્રમાણે ક્રિયાપદને જાતિવચન લાગે તેને '**ક્રિયાનાથ**' (ક્રિયાનો ધણી અર્થાત્, ક્રિયા ઉપર કાબુ ધરાવનાર કે ક્રિયાપદના રૂપને પોતા પ્રમાણે ફેરવનાર) કહે છે.

ધાતુ એટલે શું?

'આપે છે,' 'આપતો,' 'આપવું,' 'આપેલું,' 'અપાયું,' 'અપાશે,' આ બધાનું મૂળ 'આપ' છે; તેમજ લખ્યું, લખતો, લખશે, લખેલું, વગેરેમાં 'લખ' એ મૂળ છે.

જે મૂળ ઉપરથી ક્રિયાપદનાં જુદાં જુદાં રૂપ થાય છે તે મૂળનું નામ 'ધાતુ.'

મૂળ ધાતુ અને સાધિત ધાતુ.

'કર,' 'લખ,' 'રમ,' 'પડ,' વગેરે 'મૂળ ધાતુ' કહેવાય છે. આ ધાતુને પ્રત્યય લાગવાથી જે રૂપો થાય

છે તેને 'સાધિત ધાતુ' કહે છે:—જેમકે, 'કરાવ,' 'રમાડ,' 'પાડ,' વગેરે.

'પાડ,' 'કરાવ,' 'લખાવ,' વગેરે '**પ્રેરક કે પ્રયોજ્ય**' ધાતુ કહેવાય છે. 'કરાવરાવ,' 'લખાવરાવ,' વગેરે રૂપો બેવડાં પ્રેરક કે પ્રયોજ્ય છે. મૂળ ધાતુ ઉપરથી જેટલાં રૂપો થાય છે તેટલાં પ્રયોજ્ય ધાતુ ઉપરથી પણ થાય જે:—જેમકે, 'ચાલું છું,' 'ચલાવું છું,' 'ચાલ્યો,' 'ચલાવ્યો,' 'ચાલીશ,' 'ચલાવીશ,' 'ચાલતો,' 'ચલાવતો,' વગેરે.

મૂળ ધાતુ* —કર્તરિ —'હું કામ કરૂં છું.'

પ્રયોજ્ય ધાતુ— „ —'હું કામ કરાવું છું.'

મૂળ ધાતુ—કર્મણિ—'મેં કામ કર્યું.'

'મારાથી કામ કરાયું.'

પ્રયોજ્ય ધાતુ—કર્મણિ—'મેં કામ કરાવ્યું.'

'મારાથી કામ કરાવાયું.'

---

*'મૂળભેદ,' 'પ્રેરકભેદ,' એ પ્રમાણે ક્રિયાપદના ભેદ પાડવાની જરૂર નથી; કારણ કે ઉપરના દાખલાથી સમજાશે કે જેને 'મૂળભેદ' કહેવામાં આવે છે તે 'મૂળ ધાતુ' છે, અને 'પ્રેરકભેદ' તે 'પ્રેરક કે પ્રયોજ્ય ધાતુ' છે. જેને 'મૂળભેદ' કહે છે તે કર્તરિ રચના છે, અને જેને 'સહ્યભેદ' કહે છે તે 'કર્મણિ કે ભાવે રચના' છે. સહ્યતા, શકયતા, યોગ્યતા, વગેરે જે અર્થો સહ્યભેદને લાગુ પાડેલા છે તેનો 'કર્મણિ રચના'માં સમાવેશ થાય છે.

ભૂળ ધાતુ— ભાવે—'મારાથી બેસાયું.'
પ્રયોજ્ય „ — કર્મણિ—'મારાથી નંગ બેસાડાયું.'
„ „ — ભાવે. 'મારાથી તેને મરાવાયું નહિ.'

ક્રિયાપદના પદચ્છેદના નમુના.

૧. છગન રડે છે.

'રડે છે.' અકર્મક ક્રિયાપદ, 'રડ' ધાતુ, વર્તમાન કાળ, નિશ્ચયાર્થ, કર્તા 'છગન,' ક્રિયાનાથ કર્તા, ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્તરિ પ્રયોગ.

૨. બેન ગીત ગાય છે.

'ગાય છે.' સકર્મક ક્રિયાપદ, 'ગા' ધાતુ, વર્ત્તમાન· કાળ, નિશ્ચયાર્થ, કર્તા 'બેન,' કર્મ 'ગીત,' ક્રિયાનાથ 'બેન,' ત્રીજો પુરુષ, નારીજાતિ, એકવચન, સકર્મક કર્તરિ પ્રયોગ.

૩. લલીતા પાઠ શીખી.

'શીખી.' સકર્મક ક્રિયાપદ, 'શીખ' ધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, કર્તા 'લલીતા,' કર્મ 'પાઠ,' ક્રિયાનાથ કર્તા, ત્રીજો પુ૰, નારીજાતિ, એકવચન, સકર્મક કર્તરિ પ્રયોગ.

૪. ભાઈએ ગીત ગાયું.

'ગાયું.' સકર્મક ક્રિયાપદ, 'ગા' ધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, કર્તા 'ભાઈએ,' (કર્તૃવાચક ત્રીજી) કર્મ 'ગીત,' ક્રિયાનાથ ગીત, ત્રીજો પુ૰, નાન્યતરજાતિ, એકવચન, સકર્મક કર્મણિ પ્રયોગ.

૫. મારાથી ચોપડી લખાઈ.

'લખાઈ.' સકર્મક ક્રિયાપદ, લખ ધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થે, કર્તા 'મારાથી,' (કર્તૃવાચક પંચમી) ક્રિયાનાથ ચોપડી, ત્રીજો પુ૦, નારીજાતિ, એકવચન, સકર્મક કર્મણિ પ્રયોગ.

૬. અમે કામ કરાવીએ છીએ.

'કરાવીએ છીએ.' સકર્મક ક્રિયાપદ, 'કર' ધાતુનું પ્રયોજ્ય રૂપ, વર્તમાન કાળ, નિશ્ચયાર્થ, કર્તા 'અમે', કર્મ 'કામ', ક્રિયાનાથ કર્તા, પહેલો પુ૦, નરજાતિ બહુ-વચન, સકર્મક કર્તરિ પ્રયોગ.

૭. કડીઆથી ભીંત પડાવરાવાઈ.

'પડાવરાવાઈ.' સકર્મક ક્રિયાપદ, 'પડ' ધાતુનું દ્વિત્વ (બેવડું) પ્રયોજ્ય રૂપ, ભૂતકાળ, નિશ્ચયાર્થે, કર્તા 'કડી-આથી' (કર્તૃવાચક પંચમી), ક્રિયાનાથ 'ભીંત', ત્રીજો પુ૦, નારીજાતિ, એકવચન, સકર્મક કર્મણિ પ્રયોગ.

૮. મને અહિં ગમશે.

'ગમશે.' અકર્મક ક્રિયાપદ, 'ગમ' ધાતુ, ભવિષ્ય-કાળ, નિશ્ચયાર્થે, કર્તા ક્રિયાનો ભાવ, ક્રિયાનાથ ભાવ, ત્રીજો પુ૦, નાન્યતરજાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

ઉદ્દેશ્ય.

અત્યાર સુધી સાદામાં સાદા 'ઉદ્દેસ્ય' વિષે કહ્યું છે. 'રાજા જાય છે,' 'બિલાડીએ ઉંદરને પકડયો,' આ બે વાક્યમાં 'રાજા,' અને 'બિલાડીએ,' એ બંને શબ્દો સાદા ઉદ્દેસ્ય છે.

ઉદ્દેશ્ય (ઉદ્ + દિશ્ + ય) એટલે જેને ઉદ્દેશીને કે મનમાં આણીને કહેવામાં આવ્યું હોય તે.

ઉપરનાં બંને વાક્યોને 'પરોપકારી રાજા જાય છે,' 'ધોળી બિલાડીએ ઉંદરને પકડ્યો,' એ પ્રમાણે ફેરવી બોલવાથી સમજાય છે કે ઉદ્દેશ્ય 'રાજા,' અને 'બિલાડી,' સાથે વધારાના શબ્દો 'પરોપકારી,' અને 'ધોળી,' ઉમેરવામાં આવ્યા છે.

આ વધારાના શબ્દો ઉદ્દેશ્યવર્ધક કહેવાય છે. 'ઉદ્દેશ્ય,' અને ઉદ્દેશ્યવર્ધક' મળી '**ઉદ્દેશ્યપક્ષ**' બને છે. 'પરોપકારી રાજા,' અને 'ધોળી બિલાડીએ,' એ ઉદ્દેશ્યપક્ષ' કહેવાય.


'પરોપકારી રાજા જાય છે,' 'ધોળી બિલાડીએ ઉંદરને પકડ્યો,' 'તે ગાંડો થઈ ગયો,' 'રાજાએ તેને પ્રધાન નીમ્યો,' આ વાક્યોમાં 'જાય છે,' 'પકડ્યો,' 'થઈ ગયો,' અને 'નીમ્યો,' એ ક્રિયા છે, અને 'ઉંદરને,' 'ગાંડો,' અને 'તેને પ્રધાન' એ ક્રિયાપૂરક છે. 'ધોળી બિલાડી,' 'તે,' અને 'રાજા,' વિષે શું કહ્યું છે? 'ઉંદરને પકડ્યો,' 'ગાંડો થઈ ગયો,' અને 'તેને પ્રધાન નીમ્યો,' એ પ્રમાણે કહ્યું છે, માટે તે '**વિધેય**' છે.

વિધેય (વિ + ધા + ય) એટલે કહેવા યોગ્ય; ઉદ્દેશ્યને વિષે જે કાંઈ કહેવું હોય તે. 'તે ગાંડો થઈ ગયો,' આ વાક્યમાં 'ગાંડો' ક્રિયાનો અર્થ પૂરો કરે છે, માટે તે 'ક્રિયાપૂરક' છે, પણ તે 'કર્મ' નથી. 'બિલાડીએ ઉંદરને પકડ્યો,' એમાં 'ઉંદર' શબ્દ ક્રિયાપૂરક, કર્મ છે. દરેક કર્મ ક્રિયાપૂરક છે, પણ દરેક ક્રિયાપૂરક કર્મ નથી, એ ઉપરના દાખલાથી સમજાય છે.

‘ધોળી બિલાડીએ ઉંદરને પકડ્યો,’ એમ કહેવાને બદલે ‘ધોળી બિલાડીએ રાતે ઘણી ઝડપથી ઉંદરને પકડ્યો,’ એમ કહેવાથી ‘વિધેય’ માં કંઈક વધારો થાય છે. ‘રાતે,’ અને ‘ઘણી ઝડપથી,’ એ ‘વિધેય’ ના વધારાના શબ્દો છે. તે ‘વિધેયવર્ધક’ કહેવાય છે.

‘વિધેય,’ અને ‘વિધેયવર્ધક’ મળી ‘વિધેયપક્ષ’ બને છે. ઉપરના વાક્યમાં ‘રાતે ઘણી ઝડપથી ઉંદરને પકડ્યો’ એ ‘વિધેયપક્ષ’ છે.

આટલા વિવેચન ઉપરથી વાક્યના જુદા ભાગ કેમ પાડવા તે સમજાય છે. વાક્યનું પૃથક્કરણ (પૃથક્ + કરણ) કરવું એટલેજ વાક્યના ભાગ પાડી બતાવવા.



વાક્ય.	ઉદ્દેશ્ય.	વિધેય.
૧. જાઓ.	તમે. (અધ્યાહાર)	જાઓ.
૨. પરમેશ્વર છે.	પરમેશ્વર.	છે.
૩. છોકરો દોડતો નથી.	છોકરો.	દોડતો નથી.

વાક્ય.	ઉદ્દેશ્યવર્ધક.	ઉદ્દેશ્ય.	વિધેય. ક્રિયા.	વિધેય. ક્રિયાપૂરક.	વિધેયવર્ધક.
૪. છોકરો રોટલી ખાય છે.	×	છોકરો.	ખાય છે.	રોટલી.	
૫. એ આંધળા છોકરાએ આઠ મોટી રોટલી ખાધી.	એ આંધળા.	છોકરાએ.	ખાધી.	આઠ મોટી રોટલી.	
૬. મારા કાકાનો છોકરો મગન, મારા મામાના છોકરા છગનને બોલાવે છે.	મારા કાકાનો છોકરો.	મગન.	બોલાવે છે.	મારા મામાના છોકરા છગનને.	
૭. રાજા બ્રાહ્મણને દક્ષિણા આપે છે.	×	રાજા.	આપે છે.	દક્ષિણા (પ્રધાનકર્મ) બ્રાહ્મણને (ગૌણકર્મ)	
૮. કર્ણ જેવા ઉદાર રાજાએ વિદ્વાન્ બ્રાહ્મણોને દક્ષિણા આપી.	કર્ણ જેવા ઉદાર.	રાજાએ.	આપી.	દક્ષિણા (પ્રધાનકર્મ) વિદ્વાન્ બ્રાહ્મણોને (ગૌણકર્મ).	

વાક્ય.	ઉ. વ.	ઉ.	વિ. ક્રિ.	વિ. ક્રિ.પૂ.	વિ. વ.
૯. શાણો દેવદત્ત ઘરમાં નથી.	શાણો.	દેવદત્ત.	નથી *	ઘરમાં.	×
૧૦. મારો નાનો ભાઈ અમદાવાદમાં ભણતો નથી.	મારો નાનો.	ભાઈ.	ભણતો નથી.	×	અમદાવાદમાં.
૧૧. વર્ષ સારૂં નીવડ્યું.	×	વર્ષ.	નીવડ્યું.	સારૂં.	×
૧૨. પહોરનું વર્ષ બેશક બહુ સારૂં નીવડ્યું.	પહોરનું.	વર્ષ.	નીવડ્યું.	બહુ સારૂં.	બેશક. (નિશ્ચયદર્શક.)
૧૩. તમે મોડા આવ્યા.	×	તમે.	આવ્યા.		મોડા. (કાળદર્શક)
૧૪. તું આટલો બધો વહેલો કેમ જાય છે?	×	તું.	જાય છે.		આટલો બધો વહેલો (કાળદર્શક). કેમ (કારણદર્શક).

* હોવું, થવું, નીવડવું, રહેવું, બનવું, વગેરે અકર્મક ક્રિયાપદો 'અવિપૂર્ણધેયવાચક' એટલે જેટલું કહેવા યોગ્ય તે બધું નહિ દર્શાવનારાં છે. આવાં ક્રિયાપદો પહેલાં કેટલાક શબ્દો આવે ત્યારેજ વિધેય સંપૂર્ણ થાય છે. આ પૂરક શબ્દો નામ, વિશેષણ, ક્રિયાવિશેષણ (ક્રિયાનું વિશેષણ) વગેરે હોય છે.

પાંચમા વાક્યમાં ‘ બે,’ અને ‘ આંધળા,’ એ શબ્દો ઉદ્દેશ્યના વર્ધક છે. એ શબ્દો ‘ છોકરા ’ એ નામના અર્થમાં વિશેષ બતાવે છે, માટે ‘ વિશેષણ ’ કહેવાય છે. આજ વાક્યમાં ‘ આઠ,’ અને ‘ મોટી ’ એ વિશેષણો ‘ રોટલી ’ જે ક્રિયાપૂરક છે તેના વધારા તરીકે આવ્યાં છે.

ઉદ્દેશ્ય કે ક્રિયાપૂરકના વધારા તરીકે એક કે એકથી વાધરે વિશેષણ આવે છે.

છઠ્ઠા વાક્યમાં ‘ મારા કાકાનો છોકરો,’ ઉદ્દેશ્યના અને ‘ મારા મામાના છોકરા, ’ એ ક્રિયાપૂરકના વર્ધક છે. આ વર્ધકમાં ‘ મારા કાકાનો,’ અને ‘ મારા મામાના, ’ એ શબ્દો છઠ્ઠી વિભક્તિમાં છે.

ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરકના વધારા તરીકે છઠ્ઠી વિભક્તિમાંનાં નામ કે સર્વનામ આવે છે.

છઠ્ઠા વાક્યમાં ‘ છોકરો ’ શબ્દ ‘ મગન ’ ઉદ્દેશ્યના સમાનાર્થમાં છે, અને ‘ છોકરા ’ એ ‘ છગન ’ પૂરકના સ-માનાર્થમાં છે.

જે નામો ઉદ્દેશ્યના સમાનાર્થમાં વપરાએલાં હોય છે, તે તેનાં વર્ધક ગણાય છે, અને જે પૂરકના સમાનાર્થમાં છે તે પૂરકના વર્ધક ગણાય છે.

બારમા વાક્યમાં ‘ બેશક ’ એ ક્રિયાનું વિશેષણ છે, માટે ‘ ક્રિયાવિશેષણ ’ કહેવાય છે. ‘ બેશક ’ વિધેયના વધારા તરીકે છે.

વિશેષણ.

'રાજા જાય છે,' અને 'બિલાડીએ ઉંદરને પકડ્યો,' પહેલા વાક્યમાં ઉદ્દેશ્ય 'રાજા' ની પહેલાં 'પરોપકારી' શબ્દ ઉમેરવાથી રાજા કેવો છે એ સમજાય છે.

બીજા વાક્યમાં ઉદ્દેશ્ય 'બિલાડી' પહેલાં 'ધોળી' શબ્દ ઉમેરવાથી અને 'ઉંદર' કર્મની પહેલાં 'એક' ઉમેરવાથી 'કેવી' બિલાડીએ 'કેટલા' ઉંદર પકડ્યા એ નક્કી થાય છે. આજ પ્રમાણે 'બે છોકરા આવ્યા,' 'પાંચ ઝાડ પડ્યાં,' 'રાતી ગાય ચરે છે,' 'મોટા વાંદરા લડ્યા,' આ પ્રમાણે કહેવાથી 'છોકરા,' અને 'ઝાડ' ની સંખ્યા, 'ગાય,' અને 'વાંદરા' કેવા છે એ નક્કી સમજાય છે. બે, પાંચ, રાતી, અને મોટા શબ્દો નામ પહેલાં આવી નામના અર્થની વિશેષ કે વધારે સમજણ પાડે છે.

જે શબ્દો વસ્તુ કેવી, કેટલી છે, વગેરે વિશેષ સમજાવે છે તે 'વિશેષણ.'

'છોકરા,' 'ઝાડ,' 'ગાય,' અને 'વાંદરા,' ના અર્થમાં વિશેષ થાય છે માટે એ 'વિશેષ્ય' કહેવાય. 'તે ઘણો ડાહ્યો છે,' 'મેં એક ઊંચો પાણીદાર ઘોડો ખરીદ્યો,' આ બંને વાક્યોમાં 'ઘણો ડાહ્યો,' અને 'એક ઊંચો પાણીદાર,' એ શબ્દો–વિશેષણો–ક્રિયાપૂરક છે. 'રાજાનો ઊંચો સફેદ મહેલ આકાશ સાથે વાતો કરે છે.' અહિં 'રાજાનો ઊંચો સફેદ' ઉદ્દેશ્યવર્ધક છે. 'તે ઘણો જલદી આવ્યો,' આમાં 'ઘણો' વિધેયવર્ધક છે. આ બધાં વાક્યો તપાસતાં જણાય છે કે, **વિશેષણ**

ક્રિયાપૂરક, ઉદ્દેશ્યવર્ધક, કે વિધેયવર્ધક તરીકે પણ આવે છે.

વિશેષણના પ્રકાર.

સંખ્યાવાચક.

'બે,' 'ચાર,' 'પચાસ,' 'સો,' વગેરે સંખ્યા બતાવનારાં વિશેષણ છે, માટે તે 'સંખ્યાવાચક' વિશેષણ કહેવાય છે.

ગુણવાચક.

'ઊંચો,' 'નીચો,' 'લાલ,' 'સફેદ,' 'સારો,' વગેરે શબ્દો વસ્તુના ગુણ બતાવે છે. આવા શબ્દો 'ગુણવાચક' વિશેષણ કહેવાય છે.

વિકારી વિશેષણ.

'સારો છોકરો,' 'સારા છોકરા,' 'સારી છોકરી,' 'સારાં છોકરાં,' 'સારે છોકરે.' અહિં ગુણવાચક વિશેષણ 'સારો' માં વિશેષ્યના વિકાર–ફેરફાર–પ્રમાણે વિકાર થાય છે. આવાં વિશેષણો 'વિકારી' કહેવાય છે.

અવિકારી વિશેષણ.

'લાલ ઘોડો,' 'લાલ ઘોડા' 'લાલ ઘોડીઓ,' 'લાલ ઘોડાને,' 'લાલ ઘોડીએ,' અહિં ગુણવાચક વિશેષણ 'લાલ,' વિશેષ્યમાં ફેરફાર થવાથી ફરતું નથી. આવાં વિશેષણો 'અવિકારી' કહેવાય છે.

વિધિવાચક વિશેષણ

વિશેષણનો નામ સાથે સંબંધ હોય છે, એ 'પરોપકારી રાજા,' 'ધોળી બિલાડી,' વગેરે દાખલા ઉપરથી સમજાય છે; પરન્તુ 'તે સારો છે,' 'પૃથ્વી ગોળ છે,' 'તે પૈસાદાર થયો,' આ વાક્યોનું પૃથક્કરણ કરીશું તો 'સારો છે,' અને 'ગોળ છે,' એ 'વિધેય' થશે, અહિં વિશેષણ 'વિધેય' ના ભાગ છે, વિધિ અથવા વિધાન કહેનારા છે, માટે 'વિધિવાચક' કહેવાય છે.

વિશેષણ તરીકે વપરાએલાં સર્વનામ.

'તમે શું બોલ્યા?' અહિં 'શું' પ્રશ્નાર્થક સર્વનામ છે, પણ 'તમે શું કામ કર્યું?' આમાં 'શું' પ્રશ્નાર્થક વિશેષણ છે. 'તેવું કામ મારાથી નહિ થાય,' 'તેટલું જોર તેનામાં નથી,' 'તેવડું જાનવર આપણે કોઈ દિવસ જોયું નથી,' આ વાક્યો તપાસતાં જણાય છે કે, 'તેવું,' 'તેટલું,' અને 'તેવડું,' 'કામ,' 'જોર,' અને 'જાનવર,' શબ્દો સાથે આવી તેના અર્થમાં કંઈક વધારો કરે છે, માટે તેવું, તેટલું, તેવડું, વગેરે વિશેષણ છે.

અવ્યય.

ક્રિયાવિશેષણ અવ્યય.

૧. મહેતાજીનો છોકરો ઉપર ચોપડી વાંચે છે.

૨. મારો ભાઈ ઘણું દોડયો.

૩. તમારો ભત્રીજો ધીમે ધીમે ગાય છે.

આ વાક્યોના બે પક્ષ નીચે મુજબ થશે:—

ઉદ્દેશ્યપક્ષ.	વિધેયપક્ષ.
૧. મહેતાજીનો છોકરો	ઉપર ચોપડી વાંચે છે.
૨. મારો ભાઈ	ઘણું દોડયો.
૩. તમારો ભત્રીજો	ધીમે ધીમે ગાય છે.

વિધેયપક્ષ.

વિધેય		વિધેયવર્ધક.
ક્રિયા	ક્રિયાપૂરક	
વાંચે છે.	ચોપડી.	ઉપર.
દોડયો.	×	ઘણું.
ગાય છે.	×	ધીમે ધીમે.

‘ઉપર,’ ‘ઘણું,’ અને ‘ધીમે ધીમે,’ એ વિધેયવર્ધક છે, અને જુદી જુદી ક્રિયાઓ **ક્યાં, કેટલી,** અને **કેવી રીતે,** થાય છે એ તે શબ્દોથી સ્પષ્ટ થાય છે.

‘ઘોડો ઘણો ધીમો ચાલ્યો,’ ‘ગાડી ઘણી ઉતાવળી ચાલી,’ આ વાક્યોમાં ‘ઘણો ધીમો,’ અને ‘ઘણી ધીમી,’ એ પણ ‘વિધેયવર્ધક’જ છે.

આ બધા ‘વિધેયવર્ધક’ ‘ક્રિયાવિશેષણ’ કહેવાય

છે, કારણ કે તે શબ્દો ક્રિયાપદનો ગુણ બતાવી, તેના અર્થમાં વધારો કરે છે, એટલે ક્રિયા શી રીતે, કયા, અને ક્યારે થાય છે વગેરે સમજાવે છે.

'તે જલદી દોડયો,' 'તે જલદી દોડી,' 'તે જલદી દોડયું,' 'જલદી' ક્રિયાવિશેષણ અવ્યય છે. (અ = નહિ, અને વ્યય = ફેરફાર) 'જલદી' શબ્દનું રૂપ બદલાયા વિના તેવું ને તેવું રહે છે, એટલે કે તેનું રૂપ વિભક્તિ, જાતિ કે કાળદર્શક પ્રત્યયો સ્વીકારતું નથી. નક્કી, ખચીત, જરૂર, વગેરે આવા અવ્યયો છે.

'છોકરો ધીમો ચાલ્યો,' 'છોકરી ધીમી ચાલી,' 'છોકરૂં ધીમું ચાલ્યું,' અહિં 'ધીમો,' 'ધીમી,' અને 'ધીમું,' તેમજ તેના જેવા બીજા કેટલાક શબ્દો ક્રિયાવિશેષણ અવ્યય છે; પરન્તુ અપવાદ તરીકે તેનાં રૂપો 'ક્રિયાનાથ' ની જાતિ પ્રમાણે બદલાય છે.

'તે **ધીમેથી** બોલ્યો,' '**એટલામાં** તો તે બોલી ઊઠયો,' આ વાકયોમાં ક્રિયાવિશેષણ અવ્યયને વિભક્તિના પ્રત્યયો લાગેલા છે. સાધારણ રીતે ક્રિયાવિશેષણ અવ્યયને આવા પ્રત્યયો લાગતા નથી. ઉપરના તેમજ તેના જેવા બીજા કેટલાક દાખલા અપવાદ રૂપેજ છે.

ક્રિયાવિશેષણ અવ્યયના મુખ્ય પ્રકાર.

૧. વખત દેખાડનાર.

અત્યારે, એટલામાં, ક્યારે, જ્યારે, ઝટ, ઝટપટ, નિત્ય, પરાર, પહોર, હમણા, વળી, ઓણ, વગેરે.

૨. ઠેકાણું બતાવનાર.

આમ, આગળ, અહિં, જ્યાં, ઊંચે, ઉપર, ક્યાં, કહીં, ત્યાં, તળે, દૂર, નીચે, પણ, પાછળ, પાસે, બહાર, માંહે, સાથે, હેઠળ, વગેરે.

૩. રીત દેખાડનાર.

આમ, એમ, કેમ, જેમ, તેમ, હળવે, ધીમે, ધીમે-ધીમે, વગેરે.

૪. નકાર બતાવનાર.

ન, નહિ, ના, માં.

૫. ઉપર સિવાયના બીજા:—જેવાકે, જરા, ઠીક, થોડું, ભલે, સારૂં, વગેરે.

નામયોગી અવ્યય.

ક્રિયાવિશેષણ 'વિધેયવર્ધક' તરીકે આવે છે એ આગળ પૃથક્કરણદ્વારા સમજાવ્યું છે.

૧. ઘર પછવાડે ચોર ઊભો હતો.

૨. ઘોડો નિશાળ આગળ અટક્યો.

૩. તારા વિના કામ થશે નહિ.

૪. મારી પાસે આવો.

આ વાક્યોનું પૃથક્કરણ કરવાથી જણાય છે કે, 'ઘર પછવાડે,' 'નિશાળ આગળ,' 'તારા વિના,' 'મારી પાસે,' એ શબ્દસમૂહ 'વિધેયવર્ધક' છે. 'ઘર પછવાડે' અથવા 'ઘરની પછવાડે,' 'નિશાળ આગળ'

અથવા 'નિશાળની આગળ' એમ પણ બોલી શકાય. ઉપરનાં વાક્યોમાં વપરાએલા અવ્યયો 'પછવાડે,' 'આગળ,' 'વિના,' અને 'પાસે' અનુક્રમે 'ઘર,' 'નિશાળ,' 'તારા,' અને 'મારી,' સાથે જોડાએલા છે. અવ્યય અને નામ, સર્વનામ, કે તેવા અર્થમાં વપરાએલા શબ્દો વચ્ચેનો સંબંધ છઠ્ઠી વિભક્તિના પ્રત્યયથી જણાય છે. આ પ્રત્યય હાજર હોય કે અધ્યાહાર પણ હોય.

'વાંદરો છાપરા ઉપર બેઠો હતો,' અને 'વાંદરો છાપરા ઉપર છે,' આ બે વાક્યો તપાસતાં જણાશે કે, પહેલા વાક્યમાં 'છાપરા ઉપર' 'વિધેયવર્ધક,' છે અને બીજામાં 'છાપરા ઉપર' એ 'છે' અપૂર્ણવિધેયવાચક ક્રિયાપદનું 'ક્રિયાપૂરક' છે. આટલા વિવેચન ઉપરથી બે મુખ્ય નિયમો નીકળે છે તે નીચે મુજબ:-

૧. જે અવ્યય નામને જોડાએલો હોય છે, તે 'નામયોગી અવ્યય' કહેવાય છે.

૨. નામયોગી અને નામયોગીથી બનેલો શબ્દસમૂહ ઘણે ભાગે 'વિધેયવર્ધક' તરીકે અને ક્વચિત્ 'ક્રિયાપૂરક' તરીકે આવે છે.

વાક્યના પ્રકાર.

અત્યાર સુધીમાં વાક્ય અને તેના જુદા જુદા ભાગ-ઉદ્દેશ્ય, ઉદ્દેશ્યવર્ધક, વિધેય (ક્રિયા+ક્રિયાપૂરક) અને વિધેયવર્ધક વિષે કહેવામાં આવ્યું છે. હવે બીજાં કેટલાંક વધારે વાક્યો તપાસીએ.

૧. મગનલાલ વાર્તા કહે છે.

૨. છગનલાલ કહે છે કે, હું વાર્તા કહીશ નહિ.

૩. જો છગનલાલ નહિ કહે, તો હું કહીશ.

૪. તમે કહેજો અથવા હું કહીશ.

પહેલા વાક્યમાં એકજ મુખ્ય મુદ્દા વિષે કહ્યું છે. આ વાક્યમાં એકજ ક્રિયાપદ છે. આ અને આવાં બીજાં વાક્યોને 'સાદાં કે શુદ્ધ' વાક્ય કહેવામાં આવે છે. બીજા વાક્યમાં 'કહે છે' ક્રિયાપદનું 'હું વાર્તા કહીશ નહિ' એ આખું વાક્ય ક્રિયાપૂરક છે. 'છગનલાલ......કહીશ નહિ' આ વાક્યમાં બે ઉદ્દેશ્ય અને બે ક્રિયાપદ છે, એટલુંજ નહિ, પરન્તુ 'છગનલાલ કહે છે.' અને 'હું વાર્તા કહીશ નહિ' એ બંને વાક્યો સરખા અધિકારવાળાં નથી. 'છગનલાલ કહે છે' એ 'મુખ્ય' કે 'પ્રધાન' વાક્ય છે, ને 'હું વાર્તા કહીશ નહિ' એ તેના ઉપર આધાર રાખ-નાર કે 'ગૌણ' વાક્ય છે. આજ પ્રમાણે ત્રીજા વાક્યમાં 'હું કહીશ' એ પ્રધાન વાક્ય છે, અને 'જો છગનલાલ નહિ કહે' એ 'ગૌણ' વાક્ય છે. બીજા અને ત્રીજા વાક્યને અને તેવાં બીજાં વાક્યોને 'મિશ્ર' વાક્ય કહે છે. ચોથું વાક્ય તપાસતાં જણાશે કે, તેમાં બે ઉદ્દેશ્ય અને બે ક્રિયાપદ છે, પણ 'તમે કહેજો,' અને 'હું કહીશ,' એ બંને વાક્યો તદ્દન સ્વતંત્ર છે, એટલે એક વાક્યનો આધાર બીજા ઉપર બીલકુલ નથી. ચોથું વાક્ય તેમજ તેના જેવાં બીજાં વાક્યો 'સંયુક્ત' કહેવાય છે.

ગૌણ વાકયોના પ્રકાર

નામવાકય.

'હરીલાલ કહે છે કે, હું બાગમાં જાઉં છું,' 'તે મોડી રાત સુધી ઉજાગરો કરે છે, એ સારૂં નથી,' પહેલા વાક્યમાં 'હું બાગમાં જાઉં છું,' અને બીજામાં 'તે મોડી રાત સુધી ઉજાગરો કરે છે,' એ ગૌણ વાકયો છે. 'હું બાગમાં જાઉં છું,' એ ગૌણ વાકય 'કહે છે' ક્રિયાપદનું ક્રિયાપૂરક, કર્મ છે; અને 'તે મોડી રાત સુધી ઉજાગરો કરે છે' એ ગૌણવાકય 'એ' ની સમાન વિભક્તિમાં છે. પહેલું ગૌણ વાક્ય, જેમ કોઈ નામ (નામ કે તેને માટે વપરાએલો શબ્દ) ક્રિયાપદના કર્મ તરીકે આવે છે તેમ આવેલું છે, અને બીજું ગૌણ વાકય સમાન વિભક્તિમાં આવેલા નામની પેઠે વપરાયું છે.

જે ગૌણ વાકય નામની પેઠે વપરાય છે તેને 'નામ વાકય' કહે છે.

વિશેષણ વાકય.

'જે માણુસ કાલે આવ્યો હતો તે આજ છે,' 'તમે જે કહો છો તે હું સમજું છું,' 'જે માણુસ કાલે આવ્યો હતો' એ ગૌણ વાકય 'તે' નું વિશેષણ છે, અને 'તમે જે કહો છો' એ ગૌણ વાકય 'તે' નું વિશેષણ છે.

જે ગૌણ વાકય વિશેષણ તરીકે વપરાયું હોય તે 'વિશેષણ વાકય' કહેવાય.

ક્રિયાવિશેષણ વાક્ય.

'જ્યાં તું જઈશ, ત્યાં હું આવીશ,' 'જ્યાંસુધી તું સાચું બોલશે નહિ, ત્યાંસુધી હું તને ચાહીશ નહિ,' આ વાક્યોમાં 'જ્યાં તું જઈશ,' અને 'જ્યાંસુધી તું સાચું બોલશે નહિ' એ 'ત્યાં,' અને 'ત્યાંસુધી' ક્રિયાવિશેષણ અવ્યયના વધારા તરીકે આવેલાં છે, માટે તે ગૌણ વાક્યોને 'ક્રિયાવિશેષણ વાક્યો' કહે છે.

ક્રિયાવિશેષણ તરીકે વપરાએલાં વાક્યો ક્રિયાવિશેષણ વાક્યો કહેવાય છે.

વાક્યપૃથક્કરણના નમુના.

કેટલાંક વાક્યોનું પૃથક્કરણ ખુલાસા સાથે નમુના દાખલ આપ્યું છે. તેને અનુસરીને બીજાં વાક્યોનું પૃથક્કરણ કરવું.

૧. તે સદ્‌ગૃહસ્થ છે એ નિ:સંશય છે.

૨. તે આટલો બધો જલદી કેમ જતો રહ્યો, એ હું જાણતો નથી.

૩. વિધવાનું લગ્ન સશાસ્ત્ર છે એમ કેટલાક માને છે.

૪. જેમને ઊંડા ઊતરી વિચાર કરવાની ટેવ છે, તે આ ગહન વિષય સમજી શકશે.

૫. જ્યારે હું અલ્પજ્ઞ પુરુષ હાથીના જેવો મદાંધ હતો, ત્યારે હું સર્વજ્ઞ છું એમ મારૂં મન ગર્વિષ્ઠ હતું; પણ જ્યારે કિંચિત્ કિંચિત્ બુધજન પાસેથી મેં પ્રાપ્ત કર્યું, ત્યારે હું મૂર્ખ છું એમ મારો મદ જ્વરની પેઠે જતો રહ્યો.

વાક્ય.	પ્રકાર.	ઉદ્દેશ્ય.	ઉદ્દેશ્યવર્ધક.	વિધેય: ક્રિયા	વિધેય: ક્રિયાપૂરક.	વિધેયવર્ધક.
૧. તે સદ્‌ગૃહસ્થ...... નિ:સંશય છે.	મિશ્ર વાક્ય.	તે સદ્‌ગૃહસ્થ છે એ.	૦	છે.	નિ:સંશય.	૦
તે સદ્‌ગૃહસ્થ છે.	નામવાક્ય 'એ' ની સમાન વિભક્તિમાં છે માટે.	તે.	૦	છે.	સદ્‌ગૃહસ્થ.	૦
૨. તે...જાણુતો નથી.	મિશ્ર વાક્ય.	હું.	૦	જાણુતો નથી. (નષેધવાચક)	તે આટલો બધો...એ.	
તે આટલો બધો... રહ્યો.	નામ વાક્ય 'જાણુતો નથી' નું કર્મ અથવા 'એ' ની સમાન વિભક્તિમાં.	તે.	૦	જતો રહ્યો.		આટલો બધો જલદી (કાળદર્શક). કેમ (કારણુદર્શક).
વિધવાનું......માને છે.	મિશ્ર વાક્ય.	કેટલાક.	૦	માને છે.	વિધવાનું... એમ.	૦ ૦

વાક્ય.	પ્રકાર.	ઉદ્દેશ્ય.	ઉદ્દેશ્યવર્ધક.	વિધેય: ક્રિયા.	વિધેય: ક્રિયાપૂરક.	વિધેયવર્ધક.
વિધવાનું.....સશાસ્ત્ર છે.	નામ વાક્ય. 'માને છે' નું કર્મ કે 'એમ' ની સાથે સમાન વિભક્તિમાં.	પુનર્લગ્ન.	વિધવાનું.	છે.	સશાસ્ત્ર.	૦
૪. જેમને...સમજી શકશે.	મિશ્ર વાક્ય.	તે.	જેમને...ટેવ છે.	સમજી શકશે.	આ ગહન વિષય.	સહજ (રીતવાચક).
જેમને......ટેવ છે.	વિશેષણ વાક્ય. 'તે' વિશેષ્ય.	ટેવ.	જેમને=જેમની.	છે.	ઊંડા ઊતરી વિચાર કરવાની.	
૫. જ્યારે......જતો રહ્યો.	સંયુક્ત વાક્ય.					
જ્યારે............હતું.	મિશ્ર વાક્ય.	મન.	મારૂં.	હતું.	ગર્વિષ્ઠ.	હું........એમ (રીતવાચક). જ્યારે........ મદાન્ધ હતો (કાળવાચક).

વાક્ય.	પ્રકાર.	ઉદ્દેશ્ય.	ઉદ્દેશ્યવર્ધક.	વિધેય: ક્રિયા.	વિધેય: ક્રિયાપૂરક.	વિધેયવર્ધક.
હું સર્વજ્ઞ......એમ.	ક્રિયાવિશેષણ વાક્ય.	હું.	•	છું.	સર્વજ્ઞ.	
જ્યારે........હતો.	ક્રિયાવિશેષણ વાક્ય.	હું.	અલ્પજ્ઞ પુરુષ.	હતો.	મદાન્ધ.	હાથીના જેવો (સાદૃશ્યવાચક).
જ્યારે........રહ્યો.	મિશ્ર વાક્ય.	મદ.	મારો.	જતો રહ્યો.	૦	જ્યારે(કાળવાચક). જ્વરની પેઠે (રીતવાચક). હું મૂર્ખ છું એમ (રીતવાચક). જ્યારે... ...કર્યું (કાળવાચક).
હું........એમ.	ક્રિયાવિશેષણ વાક્ય.	હું.	૦	છું.	મૂર્ખ.	
જ્યારે......પ્રાપ્ત કર્યું.	ક્રિયાવિશેષણ વાક્ય.	મેં.	૦	પ્રાપ્ત કર્યું.	કિંચિત્ કિંચિત્.	બુધજન પાસેથા, જ્યારે.

ઉભયાન્વયી અવ્યય.

'તમે કહેજો અથવા હું કહીશ,' એ સંયુક્ત વાક્યમાં 'તમે કહેજો,' અને 'હું કહીશ,' એ બે પ્રધાન વાક્યો 'અથવા' અવ્યયથી જોડાએલાં છે. 'તમે આવશો હું આવીશ,' 'તમે ઘડી ઘડીમાં ગુસ્સે થાઓ છો, પણ હું થતો નથી,' 'એક હતો ચકલો અને એક હતી ચકલી,' અહિં 'અથવા,' 'કે,' 'પણ,' ને 'અને,' અવ્યયોથી સ્વતંત્ર વાક્યો જોડાયાં છે. 'રામ અને લક્ષ્મણ,' 'રાવણ અને કુંભકર્ણ,' અહિં 'અને' અવ્યય બે વાક્યને નહિ પણ બે શબ્દને જોડે છે.

જે અવ્યયો બે શબ્દો કે વાક્યોને જોડે છે તેને 'ઉભયાન્વયી' (ઉભય = બે શબ્દ કે વાક્ય, અન્વયી = જોડનાર) કહે છે. નીચેના શબ્દો ઉભયાન્વયી અવ્યયો તરીકે વપરાય છે.

અથવા, તથા, અને, ને, કે, જે, વળી, વા, કિંવા, અગર, પણ, પરન્તુ, તથાપિ, છતાં, સામું, ઉલટું, કેમકે, માટે, તેથી, નહિંતો, વગેરે.

વિભકિત અને તેના ઉપયોગ.

પહેલી વિભક્તિ.

પહેલી વિભક્તિનો અર્થ માત્ર 'નિર્દેશ' છે. નિર્દેશ એટલે શબ્દ કહેવો તે.

પ્રથમાના અર્થ—નિર્દેશવાચક:—જેમકે,

૧. છોકરો નિશાળે જાય છે.
૨. મારાથી ચોપડી લખાઈ.
૩. તે રાજા થયો.
૪. સવાર થતાં લશ્કરે કુચ કરી.

૨. પરિમાણવાચક પ્રથમા:—જેમકે,

૧. મેં પાલી ચોખા લીધા.

૨. તેણે એક લોટો પાણી પીધું.

૩. સંબોધનાર્થે પ્રથમા:—જેમકે,

૧. હે મૂર્ખ, તેં આ શું કર્યું ?

૨. ભાઈ, અહિં આવો.

બીજી વિભક્તિ.

કર્મ એ બીજી વિભક્તિનો મુખ્ય અર્થ છે; પરન્તુ એ કર્મ ક્રિયાથી ઉક્ત–કહેવાએલું–ન હોવું જોઈએ.

૧. મેં ચોપડી લખી. 'ચોપડી' એ ખરી રીતે નિર્દેશવાચક પ્રથમાજ છે, પરન્તુ ગુજરાતીમાં આવે સ્થળે બીજી વિભક્તિ કહેવી ઠીક છે, કારણ કે 'મેં તેને માર્યો' એવે સ્થળે ક્રિયાપદ કર્મણિ છે તોપણ કર્મ ગુજરાતીમાં બીજી વિભક્તિમાં વપરાય છે, માટે 'મેં ચોપડી લખી' એવે સ્થળે પણ 'ચોપડી' ને બીજી ગણવી સુતર પડશે.

૨. મેં તેને માર્યો.

૩. મે તેને પ્રશ્ન પૂછ્યો. પ્રશ્ન = પ્રધાન કર્મ; તેને = ગૌણ કર્મ.

કાળ અને સ્થળવાચક શબ્દો બીજીમાં આવે:–જેમકે,

૧. તે આઠ કલાક ઉંઘ્યો. ૨. નદી બે કોશ દૂર છે.

ત્રીજી વિભક્તિ.

'કર્તા,' અને 'કરણ' એ ત્રીજી વિભક્તિના મુખ્ય અર્થ છે ક્રિયા કરવામાં જે ઘણું મદદગાર તે 'કરણ.'

૧. રામે બાણે વાલીને માર્યો.

૨. મેં તેને લાકડીએ માર્યો.

૩. તેણે તે કામ હાથે કર્યું.

આ વાક્યોમાં 'બાણે' 'લાકડીએ,' અને 'હાથે' એ કરણવાચક તૃતીયામાં છે, કારણ કે બાણ, લાકડી, અને

હાથનાં સાધન વડે ક્રિયાઓ કરવામાં આવી છે. 'રામે,' 'મેં,' અને 'તેણે' એ કર્તૃવાચક તૃતીયામાં છે, કારણ કે તે બધા ક્રિયાના કરનારા કે સાધનારા છે.

હેતુવાચક નામ ત્રીજી વિભક્તિમાં આવે છે.

૧. **ગરમીએ** શરીર સુકાય છે.

૨. **ટાઢે** શરીર ફાટે છે.

મૂલ્યવાચક પદ પણ ત્રીજીમાં આવે છે.

૧. બે **આને** શેર. ૨. ચાર **રૂપિએ** મણ.

ચોથી વિભક્તિ.

'સંપ્રદાન' (આપવું) એ ચોથીનો મુખ્ય અર્થ છે. જેને કંઈ મળે છે કે આપવામાં આવે છે તેની ચોથી વિભક્તિ કહેવાય.

૧. તેણે ગુરુને દક્ષિણા આપી.

૨. મેં બ્રાહ્મણને દાન દીધું.

૩. છોકરે પિતાને પત્ર મોકલ્યો.

૧. **મને** તે ચીજ ગમે છે.

૨. **તેને** તે બાબત રુચતી નથી.

૩. **અમને** ત્યાં જવું ઠીક લાગ્યું નહિ.

અહિં 'મને,' 'તેને,' અને 'અમને'ની ચોથી વિભક્તિ કહેવાય.

'કાજે,' 'અર્થે,' 'સારૂ,' 'માટે,' એવા શબ્દો જે નામ સાથે વપરાયા હોય, તે ખરૂં જોઈએ તો ચતુર્થીમાંજ છે; પરન્તુ 'માટે,' 'અર્થે,' 'સારૂ,' એ નામયોગી અવ્યયો છે. માટે 'મુક્તિ માટે' તેમાં 'મુક્તિ' ને છઠ્ઠી વિભક્તિ કહેવી: પરન્તુ 'મુક્તિ માટે' એ શબ્દસમુદાય ચતુર્થીમાં કહેવાય

જ્યારે 'કાજે,' 'અર્થે,' 'માટે,' 'સારૂ,' જેવા

શબ્દ ન હોય પણ 'તેને માટે' એવો અર્થ હોય, ત્યારે ચતુર્થીજ લેવી:—જેમકે,

૧. **લડવાને** તૈયાર થાઓ.

આમ કહેવાને બદલે 'લડવાને માટે તૈયાર થાઓ' એમ કહ્યું હોય તો 'લડવાને' છઠ્ઠી વિભક્તિમાં ગણાય અને 'માટે' નામયોગી અવ્યય કહેવાય.

પંચમી.

'**અપાદાન**' (કોઇનાથી છૂટા પડવું) એ પંચમીનો મુખ્ય અર્થ છે:—જેમકે,

૧. તે **ગામથી** નીકળ્યો.
૨. **અગાસીથી** પડ્યો.
૩. **વૃક્ષથી** પાંદડાં પડે છે.

'ઘોડા ઉપરથી પડ્યો,' અહિં 'ઉપરથી' નામયોગી અવ્યય છે, તેથી 'ઘોડા' ની છઠ્ઠી વિભક્તિ કહેવાય; પરન્તુ 'ઘોડા ઉપરથી' એ શબ્દસમુદાયને અપાદાનના અર્થમાં પંચમી કહેવાય.

હેતુવાચક શબ્દ પણ પંચમીમાં આવે છે.

૧. **ગરમીથી** પાણી સુકાય છે.
૨. **ટાઢથી** પાણીનો બરફ થઈ જાય છે.

મર્યાદાવાચક પદ પંચમીમાં આવે છે.

૧. **મહિનાથી** મોટો છે.

કર્ત્તા અને કરણના અર્થમાં પંચમી.

૧. **મારાથી** કામ કરાયું. ૨. **રામથી** રાવણ મરાયો.	કર્તૃવાચક પંચમી.
૩. **ચપ્પુથી** કલમ ઘડી. ૪. **છરીથી** હાથ કાપ્યો.	કરણવાચક પંચમી.

છઠ્ઠી વિભક્તિ.

'સંબંધ' એ છઠ્ઠીનો મુખ્ય અર્થ છે. 'સંબંધ' શબ્દનો અર્થ ઘણો બહોળો છે.

૧. છોકરાની ચોપડી. અહિં ચોપડીનો માલીક છોકરો છે, માટે સબંધ માલીકીનો કહેવાય. આજ પ્રમાણે નીચેનાં વાક્યોમાં જુદી જુદી જાતનો સંબંધ બતાવ્યો છે.

૨. રાજાનો નોકર.
૩. ઝાડની ડાળી.
૪. સોનાની કંઠી.
૫. સુરજનું તેજ.
૬. વડનું ઝાડ.
૭. ઘીની કુપી.

છઠ્ઠી વિભક્તિ સપ્તમીના અર્થમાં પણ વપરાય છે:—જેમકે, 'દિવસના સુવું, અને રાતના જાગવું, એ કુદરતી નિયમ વિરુદ્ધ છે.

સાતમી વિભક્તિ.

'અધિકરણ' (સ્થળ) એ સાતમીનો મુખ્ય અર્થ છે:—જેમકે, 'તે **નગરમાં** વસે છે,' 'હું **થાળીમાં** જમું છું.'

ત્રીજી અને સાતમી વિભક્તિ.

ત્રીજી અને સાતમી વિભક્તિમાં 'એ' પ્રત્યય સામાન્ય હોવાથી ગુંચવાડો ઉત્પન્ન થવાનો સંભવ છે. 'એ' પ્રત્યય 'કરણવાચક' હોય તો તૃતીયા અને 'અધિકરણવાચક' હોય તો સપ્તમી થાય છે.

૧. તે આ **રસ્તે** **વડોદરે** ગયો.
રસ્તે = કરણવાચક તૃતીયા.
વડોદરે = અધિકરણવાચક સપ્તમી.

૨. આ રસ્તે અહિં આવો.
રસ્તે = તૃતીયા.

૩. 'રસ્તે ચાલ્યો.'
રસ્તે = સપ્તમી.
૪. તે ઝાડે ચડ્યો.
ઝાડે = સપ્તમી.
૫. તે આ ડાળીએ ઝાડે ચડ્યો.
ડાળીએ = તૃતીયા.
ઝાડે=સપ્તમી.
૬. તેને માથે પાઘડી છે.
માથે = સપ્તમી.
૭. તેણે માથે પોટલી ઉચકી છે.
માથે = તૃતીયા.

કૃદંત *

'હું લખું છું' એમ બોલવાથી અર્થ સમજાય છે, પરન્તુ 'હું લખતો,' 'હું લખીને,' એ પ્રમાણે બોલવાથી વાક્ય બનતું નથી, અને બોલવાનો અર્થ પણ સમજાતો નથી.

'કાગળ **લખીને** તેણે પોતાનું કામ ઊલટું બગાડ્યું,' 'છોકરાં **દોડતાં** પડી ગયાં' આ વાક્યોનું પૃથક્કરણ કરતાં જણાશે કે, '**લખીને**,' અને '**દોડતાં**' 'વિધેયવર્ધક' છે. '**દોડતો** ઘોડો સુંદર દેખાય છે,' 'મેં **મરેલો** સાપ જોયો' પહેલા વાક્યમાં '**દોડતો**' ઉદ્દેશ્યવર્ધક છે, અને બીજામાં '**મરેલો**' ક્રિયાપૂરક છે. '**લખીને**,' '**દોડતાં**,' '**દોડતો**,' '**મરેલો**,' એ શબ્દો 'કૃદંત' કહેવાય. મૂળ ધાતુ લખ, 'દોડ,' અને 'મર'ને જુદા જુદા પ્રત્યયો લગાડવાથી જુદાં જુદાં રૂપ 'લખીને,' 'દોડતાં,' 'દોડતો,' અને 'મરેલો,' થયાં છે. આજ પ્રમાણે 'લખ,' અને 'ભણ' મૂળને જુદા

---

* કૃત્+અંત; જે શબ્દને અંતે 'કૃત્' પ્રત્યય આવે છે તેને 'કૃદંત' કહે છે. કૃદંત અને ક્રિયાપદમાં ફેર એટલો કે, ક્રિયાપદથી વાક્ય બને છે, કૃદંતથી વાક્ય બનતું નથી.

જુદા પ્રત્યયો લગાડવાથી 'લખી,' લખનાર,' 'લખતી,' 'લખવું' વગેરે અને 'ભણીને,' 'ભણતો,' 'ભણેલો,' વગેરે 'કૃદંતો' બને છે.

ધાતુ ઉપર પ્રત્યય આવીને જે શબ્દો બને છે તેનું નામ 'કૃદંત.'

'હું કામ કરી કે કરીને આવીશ,' 'તે દોડતાં પડી ગઈ,' 'તે દોડતાં પડી ગયો,' 'તે દોડતાં પડી ગયું,' આ વાક્યોમાં 'કૃદંત,' વિધેયવર્ધક છે, અને કંઈ વિકાર પામતા નથી. આવા કૃદંતોને '**કૃદંત અવ્યય**' કહે છે.

'મેજ ઉપર એક છાપેલી ચોપડી પડી હતી,' 'મેં એક દોડતી ઘોડી જોઈ,' પહેલા વાક્યમાં 'છાપેલી' કૃદંત ઉદ્દેશ્યવર્ધક છે, અને તેનો વિશેષણ તરીકે ઉપયોગ થયો છે. બીજામાં 'દોડતી' કૃદંત ક્રિયાપૂરકનું વિશેષણ છે. આવી રીતે વપરાએલા કૃદંતોને '**કૃદંત વિશેષણ**' કહે છે.

કાળ પ્રમાણે કૃદંતના પ્રકાર.

'વર્તમાન,' 'ભૂત,' અને 'ભવિષ્ય' એ શબ્દોની સમજુતી આપેલી છે. 'છાપેલું પુસ્તક,' 'ફાટેલી ટોપી,' અહિં 'છાપેલું,' અને 'ફાટેલી' કૃદંતો **વિશેષભૂત કૃદંતો** છે, કારણ કે કૃદંતના રૂપ ઉપરથી છાપવાની અને ફાડવાની ક્રિયા ઘણા વખત પહેલાં થઈ ગએલી સમજાય છે. 'સાચું બોલવું,' 'ખોટાને ધિક્કારવું,' આમાં 'બોલવું,' અને 'ધિક્કારવું' કૃદંતોને '**સામાન્ય કૃદંત**' કહે છે, કારણ કે તે રૂપ ઉપરથી ચોક્કસ કાળનું ભાન થતું નથી. 'કરનાર,' 'લખનાર,' એ '**કર્તૃવાચક કૃદંત**' કહેવાય છે, કારણ કે એ કર્તાના અર્થમાં વપરાય છે. 'લખીને આવીશ' એ 'લખીશ અને આવીશ'નું ટુંકું રૂપ છે. 'લખીને' કૃદંત લખવાની અને આવવાની ક્રિયાનો સંબંધ જોડે છે, માટે તેને '**સંબંધક ભૂતકૃદંત**' કહે છે.

ચાલ-ધાતુ.

વચન.	પ્રત્યય. નર.	નારી.	નાન્યતર.	કૃદંતનો પ્રકાર.	રૂપ.		
એકવચન.	તો	તી	તું	વર્તમાન.	ચાલતો	તી	તું.
બહુવચન.	તા	તી	તાં.	"	ચાલતા	તી	તાં.
એકવચન.	યો	ઈ	યું.	ભૂત.	ચાલ્યો	લી	લ્યું.
બહુવચન.	યા	ઈ	યાં.	"	ચાલ્યા	લી	લ્યાં.
એકવચન.	વાનો	વાની	વાનું.	ભવિષ્ય.	ચાલવાનો	ની	નું.
બહુવચન.	વાના	વાની	વાનાં.	"	ચાલવાના	ની	નાં.
એકવચન.	લો	લી	લું.	વિશેષભૂત.	ચાલેલો	લી	લું.
બહુવચન.	લા	લી	લાં.	"	ચાલેલા	લી	લાં.
એકવચન.	વો	વી	વું.	સામાન્ય.	ચાલવો	વી	વું.
બહુવચન.	વા	વી	વાં.	"	ચાલવા	વી	વાં.
એકવચન.	નાર—નારો	નારી	નારૂં.	કર્તૃવાચક.	ચાલનાર—નારો	નારી	નારૂં.
બહુવચન.	નાર—નારા	નારી	નારાં.	"	ચાલનાર—નારા	નારી	નારાં.
એકવચન. / બહુવચન.	ઈ, ઈને.			સંબંધક ભૂતકૃદંત.	ચાલી—ચાલીને.		

'ઈ,' 'ઈને,' અને 'તાં,' પ્રત્યયવાળા કૃદંત અવ્યય તરીકે વપરાય છે.

પ્રેરક અને કર્મણિ રચનામાં પણ કૃદંતનાં રૂપો થાય છે:—જેમકે,

મૂળ રૂપ.	કર્તરિ—કરતો. કર્મણિ-કરાતો.
પ્રેરક રૂપ.	કર્તરિ—કરાવતો. કર્મણિ—કરાવાતો.

મિશ્રકાળ.

'વર્તમાન,' 'ભૂત,' અને 'ભવિષ્ય' કાળ એ **શુદ્ધ કાળ** કહેવાય છે, શુદ્ધ કાળ બનાવવા માટે ક્રિયાપદને અમુક પ્રત્યયો લગાડવાની જરૂર પડે છે, પણ 'કર્યું હતું,' 'કર્યું છે' એવાં મિશ્રકાળનાં રૂપો બનાવવા સાહાય્યકારક ક્રિયાપદની જરૂર પડે છે, 'હો,' અને 'છ' ધાતુ સાહાય્યકારક છે 'કરતો હતો,' 'કર્યું છે,' 'કરવાનું છે' અહિં 'હો,' અને 'છ' સાહાય્યકારક છે,

મિશ્રકાળનાં રૂપો.

કરે છે*=દ્વિત્વવર્તમાન કાળ.
કરતો હતો=વર્તમાનભૂત કાળ.
કર્યો છે=ભૂતવર્તમાન.
કર્યો હતો=દ્વિત્વભૂત.
કરવાનો છે=ભવિષ્યવર્તમાન.
કરવાનો હતો=ભવિષ્યભૂત.
કરેલો છે=વિશેષભૂતવર્તમાન.
કરેલો હતો=દ્વિત્વવિશેષભૂત.

* ક્રિયાપદના પદચ્છેદના નમુના (પૃષ્ઠ ૩૨-૩૩) મા 'કરે છે' વગેરેનો સરળતા ખાતર 'વર્તમાન કાળ' કહયો છે. નિશ્ચયાર્થ અને સંશયાર્થમાં 'કરે' એ રૂપ શુદ્ધ વર્તમાન કાળનું ગણાય.

સંયુક્ત ક્રિયાપદ.

'તેણે ફળ નાખી દીધું,' 'ચો[illegible]તો રહ્યો,' 'તે બોલી ચૂક્યો,' 'તેણે ખાઈ લીધું,' આ વાક્યો તપાસતાં જણાય છે કે 'નાખી દીધું,' 'જતો રહ્યો,' 'બોલી ચુક્યો,' અને 'ખાઈ લીધું,' ક્રિયાપદો બબ્બે ક્રિયાપદો સાથે મળી થએલાં છે. આવાં ક્રિયાપદો 'સંયુક્ત' કે જોડાએલાં કહેવાય છે. 'નાખી દીધું' એ ક્રિયાપદમાં નાખવાનો કે દેવાનો છૂટો છૂટો અર્થ નથી; પરન્તુ બંને ક્રિયાપદનો છૂટો છૂટો અર્થ જતો રહે છે. અને તેના જોડાવાથી કંઈ જુદોજ અર્થ નીકળે છે. સંયુક્ત ક્રિયાપદમાં પાછળ આવનાર ક્રિયાપદનો મૂળ અર્થ જતો રહે છે, અને તે તેના પહેલાં આવેલા ક્રિયાપદના અર્થમાં કોઈ પણ જાતનો વધારો કરી બતાવે છે. 'બોલી ચૂક્યો' ક્રિયાપદમાં 'ચૂક્યો' નો અર્થ છેજ નહિ; તે ક્રિયાપદથી બોલવાની ક્રિયા પરિપૂર્ણ થઈ ગઈ છે એટલુંજ સમજાય છે. સંયુક્ત ક્રિયાપદો ઘણે ભાગે જાત જાતના કૃદંતો અને બીજાં ક્રિયાપદો મળી થાય છે.

નથી.

'રખડતો નથી,' 'બોલતા નથી,' 'બગડ્યું નથી,' અહિં 'નથી' એ ' ' છ સાહાય્યકારક ધાતુનું વર્તમાન કાળનું નકારવાચક રૂપ છે.

'છ' ધાતુના વર્તમાન કાળ સિવાય બીજા કાળનાં રૂપો થતાં નથી.

'છ' ધાતુ વર્તમાન કાળ.

એકવચન.		બહુવચન.	
'છ'	'નથી'	અમે છીએ.	અમે નથી.
હું છું.	હું નથી.	તમે છો.	તમે નથી.
તું છે, છું.	તું નથી.	તેઓ છે.	તેઓ નથી.
તે છે.	તે નથી.		

'કર્યું નહિ,' 'ન હોય,' 'ન હતું,' 'નહિ હશે,' આ દાખલા ઉપરથી સમજાય છે કે, 'ભૂત,' અને 'ભવિષ્ય' કાળમાં 'હો' સાહાય્યકારક સાથે 'ન' 'ના,' અને 'નહિ' વપરાય છે.

આજ્ઞાર્થ રૂપોની સાથે નકાર બતાવવા માટે 'મા' 'ન,' 'ના,' અને 'નહિ' વપરાય છે:–જેમકે, 'કર મા,' 'ન કરીશ.' 'કરીશ ના,' કે 'ના કરીશ,' અને 'કરીશ નહિ.'

વિશેષણ વિષે વિશેષ વિચાર.

૧. દયાળુ રાજા જાય છે.

૨. ઘણો દયાળુ રાજા જાય છે.

૩. બિલાડીનું બચ્ચું ચપળ છે.

૪. બિલાડીનું બચ્ચું ઘણું ચપળ છે.

૫ તે જલદી આવ્યો.

૬. તે ઘણો જલદી આવ્યો.

પહેલા વાકયમાં 'દયાળુ' એ રાજાનું વિશેષણ છે, પરન્તુ બીજા વાકયમાં 'દયાળુ' પહેલાં 'ઘણો' આવવાથી તેના અર્થમાં વિશેષ બતાવે છે, માટે 'ઘણો' "વિશેષણનું વિશેષણ" કહેવાય.

ત્રીજા વાકયમાં 'ચપળ' વિધિવાચક વિશેષણ છે, પરન્તુ ચોથા વાકયમાં 'ચપળ' પહેલાં 'ઘણું' આવવાથી તેના અર્થમાં વધારો થાય છે, માટે 'ઘણું' "વિધિવાચક વિશેષણનું વિશેષણ" કહેવાય.

પાંચમા વાકયમાં 'જલદી' 'ક્રિયાવિશેષણ અવ્યય' છે. પરન્તુ છઠ્ઠા વાકયમાં 'જલદી' પહેલાં 'ઘણો' આવવાથી તેના અર્થમાં વિશેષ થાય છે, માટે 'ઘણો' "ક્રિયાવિશેષણ અવ્યયનું વિશેષણ" કહેવાય.

આ ઉપરથી નીચેનો નિયમ ઉપજાવી શકાય:—

વિશેષણ એ નામ વિશેષણ, અને ક્રિયાવિશેષણ અવ્યયના અર્થમાં વધારો કરે છે.

જોઈએ.

૧. તેણે જવું જોઈએ.

૨. તમારે લુગડાં પહેરવાં જોઈએ.

૪. મારે લાડુ અવશ્ય જોઈએ.

આ વાક્યો ઉપરથી જણાશે કે 'જોઈએ'માં 'ફરજ' કે 'જરૂર'ના અર્થનો સમાવેશ થાય છે. 'જવું જોઈએ' એટલે 'જવાની ફરજ છે,' 'પહેરવાં જોઈએ' એટલે 'પહેરવાની ફરજ છે,' અને 'લાડુ જોઈએ' એટલે 'લાડુની જરૂર છે.' આ વાક્યોનું પૃથક્કરણ નીચે મુજબ થાય:—

	ઉદ્દેશ્ય.	વિધેય.	વિ. વિ.
૧.	તેણે	જવું જોઈએ.	
૨.	તમારે	લુગડાં પહેરવાં જોઈએ.	
૩.	મારે	લાડુ જોઈએ.	અવશ્ય.

વિધેય.

	ક્રિયા	ક્રિયાપૂરક.
૧.	જવું જોઈએ.	×
૨.	પહેરવાં જોઈએ.	લુગડાં.
૩.	જોઈએ.	લાડુ.

'જોઈએ' 'અપૂર્ણ ક્રિયાપદ' કહેવાય છે, કારણ કે ગુજરાતીમાં તેનાં બધા કાળમાં રૂપો થતાં નથી. નીચેના કોઠા ઉપરથી આ બાબત વધારે સ્પષ્ટ થશે.

કાળ.	નિશ્ચયાર્થ.	સંશયાર્થ.
વર્તમાન.	[illegible]એ-જોઈએ છે.	જોઈએ જોઈતો (તી-તું) હોય.
ભૂત.	× જોઈતો (તી-તું) હતો (તી-તું).	જોઈતો (તી-તું) હોત.
ભવિષ્ય.	જોઈશે ×	જોઈશે-જોઈતો (તી-તું)હોય કે હશે.

પદચ્છેદના નમુના.

(૧) તેણે જવું **જોઈએ.**

જવું જોઈએ. અકર્મક ક્રિયાપદ, જા ધાતુ, વિધ્યર્થ વર્તમાન કાળ, કર્તા તેણે, ક્રિયાનાથ ભાવ, ત્રીજો પુ. નાન્ય. જાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

(૨) તમારે લુગડાં **પહેરવાં જોઈએ.**

પહેરવાં જોઈએ. સકર્મક ક્રિયાપદ, પહેર ધાતુ, વિધ્યર્થ વર્તમાન કાળ, કર્તા તમારે, કર્મ લુગડાં, ક્રિયાનાથ લુગડાં, સકર્મક કર્મણિ પ્રયોગ.

(૩) મારે લાડુ **જોઈએ.**

જોઈએ. અપૂર્ણ ક્રિયાપદ, વર્તમાન કાળ, નિશ્ચયાર્થ, કર્તા મારે, કર્મ લાડુ, કર્મણિ રચના.

સંસ્કૃતમાં આવી રચના સાધારણ છેઃ—જેમકે, **मया मोदकः अपेक्ष्यते.** ગુજરાતીમાં નામની સાથે અને ત્રીજા પુરુષમાં ચોથી વિભક્તિ વપરાય છેઃ—જેમકે, મોહનને કે મને લાડુ જોઈએ. પહેલા અને બીજા પુરુષમાં ત્રીજી આવે છેઃ—જેમકે, મારે, અમારે, તારે કે તમારે **લાડુ જોઈએ.**

કેવળપ્રયોગી અવ્યય

‘અરે! તેણે કેવું ક્રૂર કામ કર્યું!’ ‘વાહ! વાહ! મારા ભાઈ, તમે આવું શું બોલો છો!’ આ બંને વાક્યો તપાસતાં જણાય છે કે, ‘અરે!’ અને ‘વાહ! વાહ!’ એ શબ્દો તેની પછી આવતા વાક્યથી તદ્દન નિરાળા છે. અત્યાર સુધીમાં વાક્યમાં આવતા શબ્દોનો ઉદ્દેશ્યના કે વિધેયના વધારા તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે; પરન્તુ ‘અરે!’ અને ‘વાહ! વાહ!’ આ શબ્દો—અવ્યયો તો વાક્યથી તદ્દન છૂટાજ પડી ગએલા દેખાય છે, માટે તેવાને ‘કેવળપ્રયોગી’ ‘કેવળ=એકલો; પ્રયોગી=વપરાશમાં આવનાર’ અવ્યય કહે છે. અહાહા!, અરેરે!, ધિક્!, અધધધ!, ફટ ફટ!, અં!, આહા!, એ!, ઓ!, ઓયરે!, ઓહો!, હાં!, ચુપ, છટ, થુ, બસ, ભલે, રે, વાહરેવાહ, વારૂ, હત, હડ, હાય, હાયહાય, હાઉં, હાશ, હેં, હો, હા, વગેરે, વગેરે, કેવળપ્રયોગી અવ્યયો છે. વાક્યથી તદ્દન નિરાળા પડી ગએલા અવ્યયોને ‘વાક્યપૃથક્કરણ’માં પડતા મૂકવા.

સમાસ.

‘રામલક્ષ્મણ,’ ‘રાજકુંવર,’ ‘પરમેશ્વર,’ ‘વરાળયંત્ર,’ ‘ચંદ્રમુખી,’ ‘યથાશકિત,’ ‘રામ અને લક્ષ્મણ,’ ‘રાજાનો કુંવર,’ પરમ (મોટો) ઇશ્વર,’ ‘વરાળનુ યંત્ર,’ ‘ચંદ્રના જેવું મુખ છે જેનું તે,’ શક્તિ પ્રમાણે,’ આ રીતે ઉપર આવેલા શબ્દોનો સંબંધ સ્પષ્ટ કરવાથી તેના અર્થ સમજાય છે.

જ્યારે બે કે વધારે શબ્દો એકઠા મળી તેનો એક શબ્દના જેવોજ ઉપયોગ થાય છે, ત્યારે તે શબ્દોનો સમાસ થયો કહેવાય.

સમાસ પામેલા શબ્દોના અર્થ સમજાવવા જોડી દીધેલા શબ્દોને છૂટા પાડવા પડે છે.

સમાસ-પદ.

'રાજકુંવર' સમાસના પ્રથમના શબ્દ 'રાજ' ને 'પૂર્વપદ' અને તેના છેલ્લા શબ્દ 'કુંવર' ને 'ઉત્તરપદ' કહે છે.

સમાસના પ્રકાર.

શરૂઆતમાં જે શબ્દોને છૂટા કરી બતાવ્યા છે તે ઉપરથી સમજાયું હશે કે, શબ્દો જુદી જુદી રીતે છૂટા પાડી શકાય છે. જુદી જુદી રીત મુજબ સમાસની જાતો પણ જુદી જુદી થાય છે.

દ્વંદ્વ સમાસ.

'રામલક્ષ્મણ' 'રાજારાણી' 'જળસ્થળવાયુતેજ' આ જાતના સમાસને 'દ્વંદ્વ' કહે છે. દ્વંદ્વ એટલું જોડું. બે કે બેથી વધારે એકજ વિભક્તિવાળાં નામો જોડી દીધેલાં હોય છે ત્યારે સમાસ 'દ્વંદ્વ' કહેવાય છે. 'અને' કે 'તથા' શબ્દો વચ્ચે મૂકવાથી અર્થ સમજાય છે:— જેમકે, રાજા અને રાણી.

તત્પુરુષ સમાસ.

'તત્પુરુષ' શબ્દ પોતેજ તત્પુરુષ સમાસ છે.

તત્પુરુષ = તેનો પુરુષ.

શોકાતુર = શોક વડે આતુર. (ત્રીજી વિભક્તિ).

સ્થાનભ્રષ્ટ = સ્થાનથી ભ્રષ્ટ. (પાંચમી ,,).

સ્વર્ગવાસ = સ્વર્ગમાં વાસ. (સાતમી ,,).

આ સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચેનો સંબંધ બીજીથી સાતમી વિભક્તિ સુધીના કોઈ પણ વિભક્તિથી બતાવાય છે. સમાસના પૂર્વપદને અધ્યાહાર રહેલી વિભક્તિ લગાડવાથી દરેક પદનો જુદો અર્થ તેમજ સમાસનો એક સંયુક્ત અર્થ સમજાય છે.

અલુક્ તત્પુરુષ સમાસ.

લુક્ = પ્રત્યયનો લોપ; અલુક્ = જેમાં પ્રત્યયનો લોપ

થયો નથી તે. 'યુધિષ્ઠિર' 'કર્તરિપ્રયોગ' 'કર્મણિ પ્રયોગ' 'ભાવે પ્રયોગ,' આ સમાસોમાં વિભક્તિના પ્રત્યયો કાયમ રહ્યા છે.

નઞ્ તત્પુરુષ સમાસ.

'અણબનાવ,' 'અસત્ય,' વગેરે સમાસ પામેલા શબ્દોમાં પૂર્વપદ નકારવાચક છે. આવા સમાસને નઞ્ તત્પુરુષ' કહે છે.

કર્મધારય સમાસ.

મહાદેવ = મોટા દેવ.
સદ્ગુણ = સારો ગુણ.
ચંદ્રમુખ = ચંદ્ર જેવું મુખ.
મુખચંદ્ર = મુખ એજ ચન્દ્ર.

કર્મધારય સમાસમાં પૂર્વપદ ગુણવાચક વિશેષણ અથવા ગુણવાચકના અર્થમાં વપરાએલું બીજું કોઈ પણ નામ હોય છે.

દ્વિગુ સમાસ.

'ત્રિભુવન,' 'ચતુર્વેદ,' આ શબ્દોના અર્થ ત્રણ ભુવનનો અને ચાર વેદનો સમુદાય એ પ્રમાણે થાય છે. પૂર્વપદ ગુણવાચક વિશેષણને બદલે **સંખ્યાવાચક** વિશેષણ હોય છે. દ્વિગુ સમાસ એ કર્મધારયનો પેટાભાગ છે. દ્વિગુ શબ્દમાં 'દ્વિ' સંખ્યાવાચક વિશેષણ હોવાથી આ જાતના સમાસ યાદ રાખવાનું સ્હેલું થઈ પડશે.

મધ્યમપદલોપી સમાસ.

દહીંવડાં = દહીંમાં આથેલાં વડાં. આ સમાસને છોડતી વેળા પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચેનો સબંધ દેખાડવા એક અગર વધારે શબ્દો વચમાં મૂકવાની જરૂર પડે છે. મધ્યના પદનો લોપ થયો છે, માટે આવા સમાસને 'મધ્યમપદલોપી' કહે છે.

બહુવ્રીહિ-

મહાબાહુ = મોટા છે હાથ જેના તે.

પીતાંબર = પીળું અંબર (વસ્ત્ર) પહેર્યું છે જેણે તે.

આ પ્રમાણે જે સમાસ છોડી શકાય છે તે 'બહુવ્રીહિ' કહેવાય છે. 'બહુવ્રીહિ' શબ્દ પોતેજ બહુવ્રીહિ સમાસ છે; બહુ છે વ્રીહિ (ડાંગેર) જેની પાસે તે. જે સમાસને બહુવ્રીહિ શબ્દની પેઠે છોડી શકાય છે તેને 'બહુવ્રીહિ સમાસ' કહે છે.

અવ્યયીભાવ.

'પ્રતિદિન,' 'યથાશક્તિ' આ સમાસમાં 'દિન' કે 'શક્તિ' અવ્યય નથી; પરન્તુ 'પ્રતિ,' અને 'યથા' અવ્યયો સાથે આવવાથી 'પ્રતિદિન,' અને 'યથાશક્તિ,' એ શબ્દો અવ્યય જેવા થાય છે, માટે આવા સમાસને 'અવ્યયીભાવ' કહે છે.

પ્રતિદિન = દિને દિને.

યથાશકિત = શકિત પ્રમાણે.

સંધિ.

સંધિ (સં=સાથે; ધા=મૂકવું. રાખવું) સાથે મૂકવું કે રાખવું; સંધિ એટલે સંધાણ.

સ્વરસંધિ.

૧.	બારાક્ષરી = બાર + અક્ષરી. શબ્દાર્થ = શબ્દ + અર્થ.	અ + અ = આ.
૨.	સિંહાસન = સિંહ + આસન. ધર્માત્મા = ધર્મ + આત્મા.	અ + આ = આ.

૩. વિદ્યાર્થી = વિદ્યા + અર્થી.
વિદ્યાભ્યાસ=વિદ્યા + અભ્યાસ. } આ [redacted] = આ.

વિદ્યાલય= વિદ્યા + આલય. } આ + આ = આ.

નિયમ.–અ કે આ પછી અ કે આ આવે તો આ થાય છે.

૧. હરીચ્છા = હરિ + ઇચ્છા. ઇ + ઇ = ઈ.

૨. કવીશ્વર = કવિ + ઈશ્વર. ઇ. + ઈ = ઈ.

નિયમ–ઇ કે ઈની પછી ઇ કે ઈ આવે તો ઈ થાય.

૧. ભાનૂદય = ભાનુ + ઉદય = ઉ + ઉ = ઊ

નિયમ–ઉ કે ઊ પછી ઉ કે ઊ આવે તો ઊ થાય.

૧. ગજેન્દ્ર = ગજ + ઇન્દ્ર. અ + ઇ = એ.

૨. મહેન્દ્ર = મહા + ઇન્દ્ર. આ + ઇ = એ.

૩. મહેશ્વર = મહા + ઈશ્વર. આ + ઈ = એ.

નિયમ–અ કે આ પછી ઇ કે ઈ આવે તો એ થાય.

૧. સૂર્યોદય = સૂર્ય + ઉદય.

૨. શાળોપયોગી = શાળા + ઉપયોગી.

નિયમ–અ કે આ પછી ઉ કે ઊ આવે તો ઓ થાય.

૧. દેવર્ષિ = દેવ + ઋષિ.

નિયમ–અ કે આ પછી ઋ આવે તો અર્ થાય.

૧ દેવૈશ્વર્ય = દેવ+ઐશ્વર્ય.

૨. એકૈક = એક + એક.

૩. ઉત્તમૌપધિ = ઉત્તમ + ઔપધિ.

નિયમ–અ કે આ ની પછી એ કે ઐ આવે તો ઐ, અને ઓ કે ઔ આવે તો ઔ થાય.

૧. અત્યંત = અતિ + અંત.

૨. પ્રત્યુત્તર = પ્રતિ + ઉત્તર.

૩. મન્વાદિ = મનુ + આદિ.

નિયમ.—હ્રસ્વ કે દીર્ઘ ઇ, ઉ, કે ઋ પછી કોઈ પણ વિજાતીય સ્વર આવે તો તેને બદલે અનુક્રમે ય્, વ્, અને ર્, થાય.

૧ ગાયન = ગૈ + અન.

૨. નાવિક = નૌ + ઇક.

નિયમ—એ, ઐ, ઓ, ઔ પછી કોઈ પણ સ્વર આવે તો અનુક્રમે અય્, આય્, અવ્, આવ્ થાય.

વ્યંજનસંધિ.

૧. સદાચાર = સત્ + આચાર.

૨. સદ્ગુણ = સત્ + ગુણ.

નિયમ—કોઈ અઘોષ વ્યંજનની પાસે ઘોષ અક્ષર કે સ્વર આવે તો તે અઘોષ વ્યંજનને ઠેકાણે તે વર્ગનો ત્રીજો વ્યંજન થાય.

૧. સચ્ચરિત્ર = સત્ + ચરિત્ર.

૨. સજ્જન = સત્ + જન.

૩. ઉલ્લાસ = ઉત્ + લાસ.

નિયમ—દંતસ્થાની પછી તાલુ, મૂર્ધસ્થાની કે લ આવે તો પોતે તેવાજ થઈ જાય.

૧. સચ્છાસ્ત્ર = સત્ + શાસ્ત્ર.

૨. અચ્છેર = અર્ધ – અધ – અધ્ + શેર.

નિયમ—બીજા શબ્દની શરૂઆતમાં [redacted] આવે અને પહેલાને અંતે દંત્ય હોય તો તે દંત્યનો ચ્ થાય છે, અને શ્ નો છ્ થાય છે.

૧. જગન્નાથ = જગત્ + નાથ.

૨. ઉન્મત્ત = ઉદ્ + મત્ત.

નિયમ—બીજા શબ્દની શરૂઆતમાં અનુનાસિક અક્ષર હોય તો પહેલા શબ્દને અંતે જે અક્ષર આવે છે તે પોતાના વર્ગનો અનુનાસિક થાય છે.

ઉપર સ્વર અને વ્યંજનની સંધિના મુખ્ય મુખ્ય નિયમો આપ્યા છે. ગુજરાતીમાં સંધિ કરવાનું બહુ જોવામાં આવતું નથી. સંધિ કરવાની રૂઢિ સંસ્કૃતમાં ઘણીજ સામાન્ય છે. ગુજરાતી ભાષામાં ઘણા સંસ્કૃત શબ્દો વપરાય છે તેથી માત્ર સ્વર તેમજ વ્યંજનની સંધિના નિયમોનું અહિં ટુંકું વિવેચન કરેલું છે.

વિરામચિહ્ન.

બોલતી કે લખતી વેળા અર્થ બરાબર સમજાય, માટે શબ્દ કે વાક્યની વચમાં થોડી કે વધારે વાર અટકવાની જરૂર પડે છે. ક્યાં કેટલું અટકવું, એ બરાબર સમજાય, માટે કેટલીક નિશાનીઓ મુકરર કરેલી છે. આવી નિશાનીઓને 'વિરામચિહ્ન' (વિ + રમ્ = થોભવું, અટકવું) કહે છે. મુખ્ય વિરામચિહ્નો નીચે મુજબ છે:—

૧. અલ્પવિરામ (,) ૨. અર્ધવિરામ (;) ૩. ગુરુ—

વિરામ. ૪. પૂર્ણવિરામ (.) ૫. પ્રશ્નચિહ્ન (?) ૬. ઉદ્‌ગારાચિહ્ન (!) ૭. અવતરણચિહ્ન (' ' કે " ") ૮. કૌસ [ ] કે ( ) ૯. અપસારણચિહ્ન (— —).

અલ્પવિરામ.

જે શબ્દો સમાનાર્થે હોય તેની વચમાં અલ્પવિરામ આવે:—જેમકે, દશરથના પુત્ર, શ્રી રામચંદ્રજી વનવાસ ગયા. લંકાનો રાજા, રાવણ મરાયો.

૨. એકજ પ્રકારના ત્રણ કે તેથી વધારે શબ્દો સાથે આવે, અને છેલ્લા બે 'અને' થી જોડાય, તો પહેલાંના દરેક શબ્દ પછી અલ્પવિરામ મૂકાય:—જેમકે, ગ્રીસ, ઇટલી, અને સ્પેન યુરોપની દક્ષિણે આવેલા દ્વીપકલ્પો છે. વિદ્વાન, ડાહ્યા, અને વિવેકી શિક્ષકને સૌ ચાહે છે. આપણે દરેક કામ ધીરજથી, ચતુરાઇથી, અને ખંતથી કરવું જોઈએ. આવું તો જૂના કાળથી થતું આવ્યું છે, હાલ પણ થાય છે, ને ભવિષ્યમાં પણ થશે.

૩ સંબોધનાર્થે આવેલા શબ્દો પછી અલ્પવિરામ મૂકાય છે:—જેમકે, લોકડાબાઈ, વનના રાજાજી માંદા પડ્યા છે, તેને તમે જોવા નહિ આવો ?

૪. એકજ વર્ગના શબ્દનાં જુદાં જુદાં જોડકાં સાથે આવે છે, ત્યારે દરેક જોડકા વચ્ચે અલ્પવિરામ મૂકાય છે:—જેમકે, ઘરમાં કે ઘરની બહાર, દિવસે કે રાતે, તે પૈસાનોજ વિચાર કર્યા કરે છે.

૫. અને, માટે, તેથી, પણ, પરન્તુ, ઇત્યાદિ શબ્દો કોઈ વાક્યમાં આવે, અને જો તે વાક્ય ટૂંકું હોય તો

નહિ, પણ લાંબું હોય તો આ શબ્દોની [redacted] અલ્પવિરામ મૂકાય છે:—જેમકે, રામ અને લક્ષ્મણ વનમાં જવા નીકળ્યા. તે મોડા થયો તેથી ગાડી ચાલી ગઈ. એક વેળા એક લોંકડીને દ્રાક્ષ ખાવાની ઇચ્છા થઈ, પણ તે એટલી બધી ઊંચી હતી કે, તેનાથી પહોંચી શકાય એમ નહતું.

૬. 'વગેરે,' 'ઇત્યાદિ,' પહેલાં, અને 'છેવટે,' 'ટુંકામાં,' પછી ઘણે ભાગે અલ્પવિરામ મૂકાય છે.

અર્ધવિરામ.

જ્યારે અલ્પવિરામથી વધારે વખત અટકવાની જરૂર પડે છે, ત્યારે 'અર્ધવિરામ' મૂકાય છે:-જેમકે, પ્રામાણિકપણાથી ઘણા ઘણા લાભ છે; લોકો આપણને ચાહે છે; આપણું કામ સરળતાથી થાય છે; સૌથી મોટો લાભ તો એ કે, ઇશ્વર આપણા ઉપર પ્રસન્ન રહે છે.

ગુરુવિરામ.

આ ચિહ્ન એકલું બહુ વપરાતું નથી. જે કંઈ કહ્યું હોય, તેમાં કંઈ દૃષ્ટાંતરૂપે ઉમેરવું હોય, ત્યારે આ ચિહ્ન વપરાય છે. ધાન્યની ઘણી જાતો થાય છે:—જેવીકે, ઘઉં, ચણા, બાજરી, જુવાર, વગેરે.

પૂર્ણવિરામ.

વાક્ય પૂરું થાય છે, ત્યારે પૂર્ણવિરામ (.) મૂકાય છે. આજ્ઞા આપવી હોય કે આશીર્વાદ આપવા હોય, ત્યારે પણ વાક્યને છેડે પૂર્ણવિરામજ મૂકાય:-જેમકે, રાજાજીનો હુકમ છે કે આ કામ તમારે કરવું. આ કામ જલદી તૈયાર કરો. પરમેશ્વર તમારું ભલું કરો.

પ્રશ્નાર્થ

વાક્યમાં સવાલ પૂછ્યો હોય છે, તો તેની પછી પ્રશ્નચિહ્ન મૂકાય છે:—જેમકે, હિંદુસ્તાનમાં કોનું રાજ્ય છે? હિંદુસ્તાનમાં અંગ્રેજ લોકો ક્યારે આવ્યા?

જ્યારે પ્રશ્નાર્થ વાક્ય પેટા વાક્ય હોય, ત્યારે પ્રશ્નાર્થ ચિહ્ન મૂકાય નહિ:—જેમકે, હિંદુસ્તાનમાં કોનું રાજ્ય છે એમ શિક્ષકે મને પૂછ્યું.

ઉદ્દગારચિહ્ન.

એક અથવા અનેક શબ્દથી કે કોઈ વાક્ય ઉપરથી હર્ષ, શોક, આશ્ચર્ય, વગેરેનો બોધ થતો હોય, તો તેને છેડે ઉદ્દગારચિહ્ન મૂકવામાં આવે છે:—જેમકે, અરેરે! તે મોડો આવ્યો એ કેટલું બધું ખોટું! તેના શબ્દો સાંભળી હું તો દિંગજ થઈ ગયો! સંબોધનને છેડે પણ ઉદ્દગારચિહ્ન આવે છે:—જેમકે, અરે રાજા! તને શું થયું?

અવતરણચિહ્ન.

બીજા કોઈના વિચાર અથવા બીજા કોઈનું બોલેલું કે કહેલું તેનાજ શબ્દોમાં દર્શાવવું હોય, તો તે શબ્દોમાં દર્શાવવું હોય તો તે શબ્દોની પહેલાં અને પછી " " આવાં અવતરણચિહ્ન મૂકાય છે. જો વાક્ય નાનું સરખું હોય તો માત્ર ' ' આવાં ચિહ્નો મૂકવામાં આવે છે.

કૌંસ.

કોઈ વાક્યમાં અર્થ સ્પષ્ટ જણાવવા માટે વાક્યની સાથે ખાસ સંબંધ ન હોય એવી હકીકત વચ્ચે લાવવામાં

આવે છે. એ હકીકત એવી હોય છે કે, [illegible]ાતલ કરી હોય તો તેથી વાક્યના અર્થમાં કંઇ ફેર પડતો નથી. આવી હકીકત [ ] આવા અથવા ( ) આવા કૌંસમાં મૂકાય છે. રાજ્યનો ખરો વારસ શિવાજી (એટલે શંભાજીનો છોકરો) તે વખતે માત્ર છ વરસનો હતો, તેથી રાજ્યનો બધો કારભાર તેનો કાકો રાજારામ ચલાવતો હતો.

અપસારણચિહ્ન.

હકીકત લખતાં લખતાં તે હકીકતને વધારે સ્પષ્ટ કરવાને અથવા વચમાં સૂઝી આવેલા વિચાર દર્શાવવા તેની પહેલાં——આવું, અને તેની પછી પણ——આવું એવાં બે ચિહ્નો મૂકાય છે. આ ચિહ્નો અપસારણચિહ્નો કહેવાય છે. આપણે અનેક ભાષા બોલનારા——ગુજરાતી, સિંધી, પંજાબી, બંગાળી——એકજ દેશના છીએ.

સમાપ્ત.